RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 295* Date: 23.08.2020 Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### એક્રાઉન્ટર બાદ એક આતંકી ફરાર, ૨ આઈઈડી અને એક પિસ્તોલ મળી

## દિલ્હીના ધોળા કુવા રિંગરોડ પર એન્કાઉન્ટર, ISISના આતંકીની ધરપકડ

### પૂછપરછમાં ખુલાસો, રામ મંદિર નિર્માણને લઈ બોમ્બ બ્લાસ્ટ કરવા માંગતો હતો





ન્યુ દિલ્હી,તા.૨૨

દિલ્હી પોલીસની સ્પેશ્યિલ સેલને શનિવારે એક મોટી સફળતા મળી છે. સ્પેશ્યિલ સેલની ટીમે શંકાસ્પદ આતંકવાદી યૂસુફની ધરપકડ કરી છે. દિલ્હી પોલીસની સ્પેશ્યિલ સેલે આ આતંકવાદીની ધરપકડ કરી લીધી છે. જાણકારી અનુસાર, શુક્રવારે રાતે ૧૧.૩૦ વાગ્યે ધૌલાકુઆથી કરોલબાગના રસ્તા પર રિજ રોડની પાસે આ એક્રાઉન્ટર થયું. ત્યાર પછી શંકાસ્પદની ધરપકડ કરી લેવામાં આવી છે. તેની પાસેથી ૨ આઈઈડી પણ પ્રાપ્ત થયા છે અને એક પિસ્ટોલ પણ મળી આવી છે.

તપાસ એજન્સી અનુસાર દિલ્હીમાં એક ખાસ વિસ્તારે ટાર્ગેટ કરવા માટે આવ્યા હતા. જોકે, તેમનો ટાર્ગેટ શું હતો હજુ સુધી તેની પુષ્ટિ થઈ શકી નથી. પૂછપરછ દ્વારા એ બાબતે જાણકારી મેળવવાની કોશિશ કરવામાં આવી રહી છે. તો આતંકવાદીની નિશાનદેહી પર દિલ્હીની બહાર પર ઓપરેશન ચાલુ છે. પ્રાપ્ત જાણકારી અનુસાર આતંકવાદીએ દિલ્હીની ઘણાં સ્થળોની રેકી કરી હતી, તે લોન વુલ્ફ એટેકની પ્લાનિંગની સાથે દિલ્હીને સળગાવવાનું કાવતરું ઘડી રહ્યો હતો. આતંકવાદીના કહેવા પર દિલ્હીના અમુક વિસ્તારો પર છાપેમારી ચાલી રહી છે.

આઈએસઆઈએસ આતંકવાદી ઉત્તર પ્રદેશના બલરામપુર જિલ્લાનો રહેવાસી છે. દિલ્હી પોલીસને સૂચના મળી હતી કે આતંકવાદી ધૌલાકુઆ અને કરોલ બાગની વચ્ચે રિઝ વિસ્તારમાં મોજૂદ છે. ત્યાર પછી પોલીસે સર્ચ ઓપરેશન ચલાવ્યું. સૂચના મળતા પોલીસે જ્યારે સર્ચ ઓપરેશન શરૂ કર્યું તો આતંકવાદીએ ગોળીબારી શરૂ કરી દીધી. બંને તરફથી ચાલેલી ફાયરિંગ પછી આતંકવાદીની ધરપકડ કરી લેવામાં આવી છે.

આઈએસઆઈએસ આતંકીનું નામ અબ્દુલ યૂસુફ છે. તે ઉત્તર પ્રદેશના બલરામપુરનો રહેવાસી છે. એનએસજીએ લોકોને જાણકારી આપી છે કે, અબ્દુલ અપાચે બાઈક પર આવ્યો હતો. બાઈકનો નંબર ઉત્તર પ્રદેશમાં રજિસ્ટર્ડ છે. તેની પાસેથી બે પ્રેશર કુકરમાં ૨ આઈઈડી અને લગભગ ૧૫ કિલોનો વિસ્ફોટ મળ્યો છે. આતંકવાદીની ધરપકડ પછી દિલ્હી, યૂપી અને ઉત્તરાખંડમાં ૬ જગ્યાઓ પર છાપેમારી કરવામાં આવી છે. દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં હાઈ અલર્ટ કરી દેવામાં આવ્યું છે.

આ મામલામાં ડીસીપી પ્રમોદ કુશવાહાએ જણાવ્યું કે, બંને તરફથી ચાલેલી ફાયરિંગ પછી તેને પકડી લેવામાં આવ્યો છે. તે એકલો જ હતો અને તેણે દિલ્હીમાં હુમલાનું કાવતરું બનાવ્યું હતું. અમે તેની પાસેથી પિસ્તોલ અને બે ૧૫ કિલોના આઈઈડી પ્રાપ્ત કર્યા છે. ત્યાર પછી તેના વિશે વધારે જાણકારી શેર કરવામાં આવશે.

દિલ્હીમાં પકડાયેલા આઈએસઆઈએસના શંકાસ્પદ આતંકી અબુ યુસુફે શરૂઆતની પૂછપરચ્છમાં કેટલાંય ચોંકાવનારા ખુલાસા કર્યા છે. દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં ધડાકાનું ષડયંત્ર કર્યું હતું. આતંકી અબુ યુસુફ રામ મંદિર નિર્માણને લઈ બોમ્બ બ્લાસ્ટ કરવા માંગતો હતો. આ તો હજુ શરૂઆતની માહિતી છે. તેઓ અફઘાનિસ્તાનમાં હાજર પોતાના આકાઓના સંપર્કમાં હતો.

### ઘૂસણખોરો પાસેથી બીએસએફને એકે-૪૭, એક પિસ્તોલ અને પીઠુ બેગ મળી

## પંજાબમાં બીએસએફએ ઘૂસણખોરી કરતા પાંચ પાકિસ્તાનીને ઠાર કર્યા

*ચંડીગઢ,તા.૨૨*

બોર્ડર સિક્યોરિટી ફોર્સએ ભારત-પાકિસ્તાન સરહદ પર પાંચ ઘૂસણખોરોને ઠાર કરી દીધા છે. પંજાબના તરણ તારણથી પાંચ પાકિસ્તાની સરહદ પાર કરવાની કોશિષ કરી રહ્યા હતા. ત્યારે બીએસએફની ૪૭ બટાલિયને પાંચેયને ઠાર કરી દીધા. અત્યારે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે કે આ ઘૂસણખોરો પાકિસતાની આતંકી છે કે સ્મગલર. બીએસએફ દ્વારા રજૂ કરવામાં આવેલા નિવેદનમાં જણાવ્યા અનુસાર ૧૦૩ બટાલિયનના જાગૃત સૈનિકોએ તરન તારણની આંતરરાષ્ટ્રીય સરહદ પર ઘુસણખોરોને જોયા હતા. તેમને સમર્પણ કરવાનું કહેવામાં આવ્યું હતું. ઘુસણખોરોએ બીએસએફના જવાનો પર ફાયરિંગ શરૂ કરી દીધું હતું. આથી જવાબી કાર્યવાહીમાં પાંચ ઘુસણખોરો માર્યા ગયા છે. સર્ચ ઓપરેશન ચાલુ છે.

બીએસએફનું કહેવું છે કે તેમની પાસેથી એકે -૪૭, એક પિસ્તોલ અને એક પીઠુ બેગ મળી આવી છે. શસ્ત્રો અને બેગ કબજે કરી તપાસ શરૂ કરી છે. તે જ સમયે, આંતરરાષ્ટ્રીય સરહદ પર ચાંપતો બંદોબસ્ત વધારી દેવાયો છે. બીએસએફના જવાનો મુસ્તૈદીથી ઘુસણખોરીના પ્રયાસને રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે.

BSFએ ગુરદારપુર સેક્ટરમાં બીઓપી ચંદૂ વડાલાની નજીક ૮૯ બટાલિયને જવાનો અને એસટીએફ (સ્પેશિયલ ટાસ્ક ફોર્સ)એ થોડા સમય પહેલા ૫ કિલો હેરોઈન જપ્ત કર્યું હતું. પાકિસ્તાની તસ્કર પાસેથી હેરોઈન મંગાવનાર એક યુવક સુખવિંદરસિહ કાકાની ધરપકડ કરવામાં આવી હતી.

અગાઉ આતંકવાદીઓએ ગુજરાત-રાજસ્થાન સરહદ પરથી ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો, જ્યાં ઘુસણખોરીનો પ્રયાસ કરી રહેલા ઘૂસણખોરોને બીએસએફના જવાનોએ ઠાર કરી દીધા હતા. બીએસએફના જવાનોએ જોયું કે એક વ્યક્તિ પાકિસ્તાનથી સરહદ પાર કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તેને રોકાવાનું કહેવામાં આવ્યું હતું પરંતુ તે બેરીકેડ્સ પાર કરી દોડવા લાગ્યો હતો. ત્યારબાદ બોર્ડર સિક્યુરિટી ફોર્સના જવાનોએ તેમના ઉપર ફાયરિંગ કર્યું અને ઘુસણખોરને ત્યાં જ ઠાર કરી દીધો હતો. આ અગાઉ પણ બોર્ડર સિક્યુરિટી ફોર્સે પાકિસ્તાન દ્વારા દિવસ દરમિયાન ઘુસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો. જો કે, રાત્રિ દરમિયાન આ ક્ષેત્રમાં ઘુસણખોરી કરવાનો પ્રથમ વખત પ્રયાસ થયો હતો.

ઉલ્લેખનીય છે કે, સરહદ પર સુરક્ષા દળોની તાકીદને કારણે પાકિસ્તાન તરફથી ઘૂસણખોરી હંમેશા નિષ્ફળ જાય છે. પંજાબમાં આતંકવાદી પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવા ઉપરાંત ડ્રગના વેપારમાં ઘુસણખોરીના પ્રયાસો પણ કરવામાં આવે છે.

### છેલ્લા ૨૪ કલાકમાં ૬૯૮૭૮ પોઝિટિવ કેસ, ૯૪૫ના મોત

## દેશમાં કોરોનાની બ્રેક ફેઈલ, સંક્રમિતો ૩૦ લાખની નજીક

### દર્દીઓના સ્વસ્થ થવાનો દર વધીને ૭૪.૩૦ ટકાએ પહોંચ્યો છે, દેશમાં કોરોના ટેસ્ટિંગમાં ઝડપ, દૈનિક ૧૦ લાખને પાર



ન્યુ દિલ્હી,તા.૨૨

દુનિયાભરના તમામ દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોના વાયરસનો આતંક પૂર ઝડપે વધી રહ્યો છે. દેશમાં છેલ્લા થોડા સમયથી કોરોના સંક્રમિતોના કેસ સતત વધી રહ્યા છે. આ સાથે જ કોરોનાથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ ધીમે ધીમે વધી રહી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે શનિવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૨૯ લાખને ઓળંગી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૬૯૮૭૮ કેસ નોંધાતા કુલ કેસ ૨૯૭૫૭૦૧ થઈ ગયા છે.

જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ પણ સુધરી રહ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૩૬૩૧ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૨૨૨૨૫૭૭ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા ત્રણ ગણા કરતા પણ વધારે છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૯૪૫ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૫૫૭૯૪ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે શનિવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૬૯૭૩૩૦ એક્ટિવ કેસ છે.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૨૨૯૩૯૫૧૨ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૭૯૮૮૪૬ લોકોના મોત નિપજયા છે જયારે ૧૪૭૦૦૬૩૭ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૭૪૪૦૦૨૯ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર બ્રાઝિલ, ત્રીજા સ્થાન પર ભારત અને ચોથા સ્થાન પર રશિયા છે. દેશમાં સક્રિય કેસના કેસો ૨૩.૮૨ ટકા છે અને સાજાનો દર ૭૪.૩૦ ટકા છે, જ્યારે મૃત્યુ દર ૧.૮૯ ટકા છે.

રાજયો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા કોરોના ટેસ્ટિંગમાં વધારો કરવામાં આવ્યો હોવાથી દેશમાં એક દિવસમાં દસ લાખ કોરોના ટેસ્ટનો આંકડો હાંસલ થયો છે. વધુ ટેસ્ટ કરવાથી પોઝિટિવ દરમાં પણ વધારો થાય છે અને સમયસર આઈસોલેશન, અસરકારક ટ્રેકિંગ, સમયસર ક્લિનિકલ સારવાર વગેરે બાબતોને પગલે રિકવરી રેટમાં પણ સુધારો થઈ શકે છે તેમ મંત્રાલયે ઉમેર્યું હતું. શુક્રવારે ૧૦,૨૩,૮૩૬ ટેસ્ટ થયા હતા જે પૈકી ૩.૮ લાખ રેપિડ એન્ટિજેન ટેસ્ટ રહ્યા હતા.

### વિશ્વ આરોગ્ય સંસ્થાનું મહત્વપૂર્ણ નિવેદન

## આપણે એક રહીશું તો ફક્ત બે જ વર્ષમાં કોરોના મહામારીનો અંત આવશે




જિનેવા,તા.૨૨

આખી દુનિયા કોરોના વાયરસ સામે લડી રહી છે. આ વાયરસના કારણે લોકોના સામાન્ય જીવ પર તેની વ્યાપક અસર પડી છે. આવામાં વાયરસ ક્યારે પીછો છોડશે તેવો સવાલ સૌ કોઈને થઈ રહ્યા છે. આવામાં ડબલ્યુએચઓએ એક મહત્વની વાત કરી છે. ડબલ્યુએચઓના ચીફ ટ્રેડ્રોસ એડહાનોમ સંભાવના વ્યક્ત કરી કે કોરોના વાયરસની અસર ૧૯૧૮માં આવેલા સ્પેનિશ ફ્લૂ કરતા ઓછો સમય રહેશે. ડબલ્યુએચઓ ચીફે જણાવ્યું કે આ મહામારી બે વર્ષની અંદર પૂર્ણ થઈ જશે. જોકે તેના માટે દુનિયાના દેશોએ એક થઈને સર્વસામાન્ય વેક્સીન વેક્સીન બનાવવામાં સફળતા મળે તેના પર ભાર મૂક્યો છે.

હજુ સુધી કોરોના વાયરસ સામે લડનારી રસી ઉપલબ્ધ નથી થઈ, એવામાં ડબલ્યુએચઓ ચીનની આ ટિપ્પણી મહત્વપૂર્ણ છે. અત્યાર સુધી ડબલ્યુએચઓ દ્વારા મહામારીના ખતમ થવા અંગે કોઈ સમયસીમા નહોતી આપવામાં આવી.

ટ્રેડોસે કહ્યું કે ૧૯૧૮માં સ્પેનિશ ફ્લુને ખતમ થતા ૨ વર્ષ જેટલો સમય લાગશે. જિનેવામાં એક બ્રીફિંગ દરમિયાન તેમણે કહ્યું, ×આજની પરિસ્થિતિમાં જ્યારે વધારે ટેક્નોલોજી અને કેનેક્ટિવિટી છે જેના કારણે વાયરસ પાસે વધારે ફેલાવાની તક છે. આપણે એકબીજા સાથે વધારે નજીકથી જોડાયેલા છે માટે તેની ગતિ વધી છે.×

તેમણે એ પણ કહ્યું કે, પરંતુ આ સમયે આપણી પાસે તેને રોકવા માટેની ટેક્નિક પણ છે અને જ્ઞાન પ છે, જેના આધારે વાયરસને હરાવી શકાય છે. આ સમયમાં વૈશ્વિકતા, ઘનિષ્ઠતા, સંપર્કથી નુકસાન તો છે પણ તેની સામે લડવા માટેની ટેક્નિક હોવાથી ફાયદો પણ થાય છે.

આ સાથે તેમણે કહ્યું, હાલ આપણી પાસે જે સાધનો છે તેનો ઉપયોગ કરીએ, અને આશા વ્યક્ત કરીએ કે આપણી પાસે વેક્સીન પણ હોય, જેથી આપણે ૧૯૧૮ના ફ્લૂ કરતા ઓછા સમયમાં તેને ખતમ કરી શકીએ.

## બ્રિટનમાં મહાત્મા ગાંધીનાં ચશ્માં ૨.૫૫ કરોડ રૂપિયામાં લિલામ થયાં

બ્રિસ્ટલ,તા.૨૨

બ્રિટનના બ્રિસ્ટલમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનાં ચશ્માંને લિલામ કરવામાં આવ્યાં હતાં. ઈસ્ટ બ્રિસ્ટલની એક લિલામી એજન્સીએ મહાત્મા ગાંધીનાં ચશ્માં લિલામ કર્યાં હતાં. ઓનલાઈન થયેલી આ લિલામીમાં બાપુનાં ચશ્માંને ૨.૫૫ કરોડ રૂપિયામાં અમેરિકાના એક કલેક્ટરે ખરીદ્યા હતા. મહાત્મા ગાંધીનાં ચશ્માંને લિલામ કરતી એજન્સીનો દાવો છે કે બાપુએ ૧૯૦૦ના દસકામાં આ ચશ્માં એક વ્યક્તિને ભેટમાં આપ્યાં હતાં.

કેટલાક જાણકારોનું કહેવું છે કે આ ચશ્માં બાપુને ૧૯૧૦ની આસપાસ તેમના કાકાએ આપ્યાં હતાં. બાપુ એ વખતે દક્ષિણ આફ્રિકામાં કામ કરી રહ્યા હતા. એ ચશ્માંના માલિક બ્રિસ્ટલના મેનગોટ્સફીલ્ડનું કહેવું છે કે આ લિલામીથી મળેલાં નાણાંને તેઓ પોતાની પુત્રીને આપશે.

બાપુના ચશ્માંને લિલામ કરવાવાળી એજન્સીએ જણાવ્યું હતું કે એ ચશ્માં તેમના પોસ્ટબોક્સમાંથી મળ્યાં હતાં. તેઓ આ વાતે આશ્ચર્યચકિત છે કે જે ચશ્માં તેમના પોસ્ટબોક્સમાં એક કવરની અંદરમાંથી મળ્યાં હતાં. તેની પાછળ એક શાનદાર ઈતિહાસ હોઈ શકે છે.

આ ચશ્માં આપનાર શખસે કહ્યું હતું કે આ ચશ્માં બહુ કીમતી ના હોય તો એને નષ્ટ કરી દેજો, પરંતુ જયારે અમે તેને આ ચશ્માંની કિંમત જણાવી ત્યારે તેને મોટું આશ્ચર્ય થયું. હવે તે લિલામીમાંથી મળનારાં નાણાં પોતાની પુત્રીને સાથે વહેંચશે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૨૧૨

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૫૬૭૮

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૪

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૯૮૦

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૬૮૩૫૭

## તંત્રી સ્થાનેથી...

# દેશના વિકાસમાં રાજીવના યોગદાનને ના ભુલાવી શકાય

ભારતમાં દેશના વિકાસમાં યોગદાન આપનારા લોકોના યોગદાનના માપદંડ અલગ છે. દુનિયાના બીજા દેશોમાં વિકાસમાં યોગદાન આપનારને લોકો સન્માન આપે છે, પ્રેમથી યાદ કરે છે. ભારતમાં કોઈ પણ વ્યક્તિના યોગદાનને એ ક્યા રાજકીય પક્ષનો છે કે કઈ વિચારધારા સાથે જોડાયેલો છે તેના આધારે મૂલવવામાં આવે છે. આ પરંપરા વરસોથી ચાલી આવે છે. આપણે બહુ લાંબો ઈતિહાસ ના ખોલીએ ને દેશની આઝાદીની લડત ને આઝાદી પછીના ભારતના વિકાસનો ઈતિહાસ જોઈશું તો પણ આ વાત સમજાશે.દેશની આઝાદીની લડતમાં બહુ બધા લોકોનું યોગદાન હતું. ઘણા રાજકીય પક્ષો જોડાયેલા હતા ને અલગ અલગ વિચારધારાના લોકો પણ તેમાં જોડાયેલા હતા. આઝાદી માટે અલગ રસ્તો અપનાવનારા લોકો પણ હતા ને એ બધાંનો ઉદ્દેશ એકસરખો હતો પણ દેશની આઝાદીનો ઈતિહાસ લખાયો તેમાં કૉંગ્રેસ ને કૉંગ્રેસના નેતાઓ જ કેન્દ્રસ્થાને રહ્યા. કૉંગ્રેસના નેતાઓમાં પણ મહાત્મા ગાંધી અને તેમની નજીકના નેતાઓનાં જ ગુણગાન ગવાયાં. સુભાષચંદ્ર બોઝ જેવા નેતાએ દેશને આઝાદ કરવા માટે જે પ્રયત્નો કર્યા તેની સરખામણીમાં કૉંગ્રેસે કશું ના કર્યું એમ કહીએ તો ચાલે પણ સુભાષબાબુ બાજુ પર ધકેલાઈ ગયા ને કૉંગ્રેસના નેતાઓએ જ દેશને આઝાદ કરાવ્યો હોય એવું ચિત્ર ઊભું કરી દેવાયું.દેશની આઝાદી પછી ગાંધીજી તો રહ્યા પણ બીજા નેતા બાજુ પર મુકાતા ગયા. સરદાર વલ્લભભાઈ પટેલ જેવા ધુરંધરને પણ કોરાણે મૂકી દેવાયા ને જવાહરલાલ નહેરૂ છવાઈ ગયા. નહેરુનું યોગદાન બહુ મોટું છે તેનો ઈનકાર ના થઈ શકે પણ આઝાદી પછીના ભારતના નિર્માણમાં બીજાંનું યોગદાન પણ એટલું જ હતું એ વાતનો ઉલ્લેખ જ ના થયો. નહેરૂ અને તેમનું ખાનદાન જ દેશના ભાગ્યવિધાતા હોય એવું ચિત્ર ઉભું કરી દેવાયું. કૉંગ્રેસનું શાસન હતું ત્યાં લગી આ ધુપલ ચાલ્યું ને ભાજપે પણ એ પરંપરા આગળ ધપાવી. ભાજપ પણ કૉંગ્રેસની જેમ જ રાજકીય પૂર્વગ્રહો સાથે વર્તીને વિનાયક દામોદર સાવરકર જેવા લોકોને મોટા કરવા માંડ્યા છે ને નેહરૂ-ગાંધી ખાનદાનનો એકડો સાવ ભૂંસી નાંખવાનો હોય એમ તેમના જેન્યુઈન યોગદાનને પણ અવગણવા માંડ્યું છે.દુનિયામાં બધા ઉગતા સૂરજને પૂજે છે તેથી સત્તામાં બેઠેલા લોકો વર્તે એ રીતે બહુમતી લોકો વર્તતાં હોય છે. તેના કારણે નેહરુ-ગાંધી ખાનદાનને ગાળો દેવાની ફેશન થઈ ગઈ છે ને આ ખાનદાને દેશના વિકાસમાં ખરેખર આપેલા યોગદાનને યાદ કરવાની પણ કોઈ તસદી લેતું નથી. ગુરુવારે ભૂતપૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીનો જન્મદિવસ હતો ને તેમાં એવું જ થયું. નરેન્દ્ર મોદીએ રાજીવ ગાંધીને એક લીટીની તો એક લીટીની શ્રદ્ધાંજલિ આપીને દેશના વડા પ્રધાનપદે રહી ચૂકેલી વ્યક્તિ તરફ સન્માન બતાવવાનું સૌજન્ય દાખવ્યું ને પોતાની ગરિમા જાળવી પણ સત્તામાં બેઠેલા બીજા લોકોએ રાજીવને યાદ સુધ્ધાં ના કર્યા. આ દેશમાં રાજીવ ગાંધી નામની કોઈ વ્યક્તિ વડા પ્રધાનપદે આવી હતી એ યાદ જ ના હોય એ રીતે બધાં વર્ત્યાં ને તેમાં મીડિયા પણ આવી ગયું.આ રીતે વર્તનારા શું માનતા હશે એ ખબર નથી પણ આ રીતે વર્તીને કોઈના યોગદાનને ભુલાવી શકાતું નથી કે મિટાવી પણ શકાતું નથી.

કૉંગ્રેસે વરસો લગી સરદાર વલ્લભભાઈ પટેલ અને સુભાષચંદ્ર બોઝ જેવા દિગ્ગજોની અવગણના કરી તો તેના કારણે સરદાર પટેલ કે સુભાષબાબુ લોકોના માનસ પરથી હટી ગયા ? લોકોને તેમના યોગદાન વિશે ખબર જ ના પડે એવું થોડું થયું? કૉંગ્રેસે હજુ ત્રણ દાયકા પહેલાં જ દેશમાં શાસન કરનારા પી.વી. નરસિંહરાવને પણ કોરાણે મૂકી દીધેલા ને તેમને યાદ સુધ્ધાં નહોતી કરતી. તેના કારણે નરસિંહરાવનું યોગદાન ભુંસાઈ નથી ગયું. બલ્કે કૉંગ્રેસે જ હવે નાકલીટી તાણીને ફરી નરસિંહરાવને યાદ કરવા પડે છે.આ જ વાત રાજીવ ગાંધીને પણ લાગુ પડે છે. રાજીવ ગાંધીને ભાજપના નેતા, ભાજપની સરકાર કે ભાજપના સમર્થકો યાદ ના કરે તેના કારણે રાજીવનું યોગદાન નહીં ભુલાય.

રાજીવ ગાંધી આધુનિક ભારતના નિર્માણનો પાયો નાંખનારા નેતા હતા એ ઈતિહાસને કોઈ બદલી નહીં શકે. રાજીવ ગાંધીએ દેશના વડા પ્રધાન તરીકે માત્ર પાંચ વર્ષ જ રાજ કર્યું પણ આ પાંચ વર્ષમાં તેમણે દેશની કાયાપલટ કરી નાંખી અને દેશને આધુનિક બનાવી દીધો તેમાં બેમત નથી. આ દેશનું અર્થતંત્ર આજે સર્વિસ સેક્ટર પર ટકેલું છે ને તેનો જશ નરસિંહરાવની આર્થિક ઉદારીકરણની નીતિને જાય છે પણ તેનો પાયો તો રાજીવે જ નાંખેલો.આપણા ગુજરાતી ટેકનોક્રેટ સામ પિત્રોડાની મદદથી રાજીવ ગાંધીએ ટેલીકોમ ક્રાંતિ કરીને આધુનિક ભારતનો પાયો નાંખ્યો. કૉંગ્રેસના શાસનમાં જ ઈસરોના ચેરમેન યુ.આર. રાવે ભારતને અવકાશ સંશોધનમાં આત્મનિર્ભર બનાવેલું ને ભારતે એક પછી એક ૧૮ ઉપગ્રહો તરતા મૂકેલા. આજે આપણે મોબાઈલ ને ઈન્ટરનેટનો ઉપયોગ છૂટથી કરીએ છીએ, હવામાનની આગાહી કરી શકીએ છીએ ને દેશને પતાવી દેવા માગતા દુશ્મનો પર પણ નજર રાખી શકીએ છીએ એ બધું આ ઉપગ્રહોના કારણે શક્ય બન્યું. કોમ્યુનિકેશન, રિમોટ સેન્સિંગ તથા મેટરોલોજીકલ સેવાઓ માટેના ઉપગ્રહો તરતા મૂકીને રાવે ભારતને દુનિયાના વિકસિત દેશોની હરોળમાં લાવીને મૂકી દીધું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૨૩-૮-૨૦૨૦, રવિવાર, ભાદરવા સુદ-૫
સૂર્યોદય-૬-૨૮, સૂર્યાસ્ત-૭-૧૧, જૈન નવકારશી-૭-૧૬,
આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ ચિત્રા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૮-૦૩ થી ચલ-લાભ-અમૃત-૧૨-૪૯ સુધી, ૧૪-૨૫ થી શુભ-૧૫-૫૯ સુધી, ૧૯-૧૦થી, શુભ-અમૃત-ચલ-૨૩-૨૫ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૩૨ થી ૧૦-૪૨ સુધી, ૧૧-૪૬થી ૧૨-૪૯ સુધી, ૧૪-૫૬ થી ૧૮-૦૭ સુધી, ૧૯-૧૦થી ૨૦-૦૭ સુધી |

## રૂપાણી સરકારની શિપ બ્રિકિંગ યાર્ડને મંજૂરી

# જામનગરના સચાણામાં બનશે આંતરરાષ્ટ્રીય કક્ષાનું નવું અલંગ

જામનગર,તા.૨૨

આજે ગુજરાતના જામનગરથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. રાજ્યના સીએમ વિજય રૂપાણીએ જામનગરના સંચાણામાં શિપ બ્રિકિંગ યાર્ડની મંજૂરી આપવામાં આવી છે. જેથી હવે અલંગ શિપ બ્રેકિંગ યાર્ડ બાદ જામનગરમાં મોટું યાર્ડ બનશે. આંતરરાષ્ટ્રીય ધારા ધોરણ મુજબનું આ યાર્ડ હશે. જેના કારણે આસપાસના લોકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રોજગારીની તકો ઉભી થશે. આજે સીએમ વિજય રૂપાણીએ સૌથી મોટો નિર્ણાયક અભિગમ અપનાવ્યો છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, રાજ્યના સીએમ વિજય રૂપાણીએ જામનગરના સચાણામાં શિપ બ્રેકિંગ યાર્ડ શરૂ કરવાની મંજૂરી આપી દીધી છે. જેથી હવે સૌરાષ્ટ્રમાં વિશ્વવિખ્યાત અલંગ શિપ બ્રેકિંગ યાર્ડ પછી જામનગરના સચાણામાં શિપ બ્રેકિંગ માટેનું નવું નજરાણું બનશે.



રૂપાણીની જાહેરાતથી જામનગર જિલ્લામાં આંતરરાષ્ટ્રીય ધારા ધોરણો મુજબનું નવું અલંગ આકાર પામશે. સંચાણાનો શિપ બ્રેકિંગ યાર્ડ કાર્યરત થતા જામનગર જિલ્લા અને સચાણા આસપાસના વિસ્તારોમાં હજારો લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઉભી થશે. જામનગરના સચાણામાં નવું શિપ બ્રેકિંગ યાર્ડને મંજૂરી મળતા હવે મોટા અને વિશાળ જહાજો અલંગમાં અને નાના મધ્યમ કદના જહાજો સચાણામાં આવશે. લાંબા સમયથી નાના અને મધ્યમ કદના જહાજોના શિપ બ્રેકિંગ માટેનું યોગ્ય સ્થળ સચાણા ફરી ધમધમતું કરવાના સીએમને નિર્ણય ખરેખર આવકાર દાયક છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય ભાઈએ સચાણાની જમીનની હદ અંગેના વિવાદનો અંત લાવવા ઉચ્ચ સ્તરીય કમિટીની રચના કરવામાં આવી હતી.

આ પહેલના ફળદાયી પરિણામરૂપે ૨૦૧૨થી બંધ પડેલું સચાણાનું શિપ બ્રેકિંગ ફરીથી ગતિવિધિ પુનઃ વેગવાન બનશે. વિશ્વના મેરી ટાઇમ અને શિપ બ્રેકિંગ શિપ રીસાયકલિંગ મેપ પર સચાણા પણ સ્થાન પામશે. કોરોના વાયરસની સ્થિતિમાં લોકડાઉનને પરિણામે ઉદ્યોગો ધંધા રોજગાર વ્યવસાયોને આર્થિક વિપરીત અસર પડી છે, તેવા સંજોગોમાં સચાણા શિપ બ્રેકિંગ યાર્ડ આનુષાંગિક ઉદ્યોગો વ્યવસાયો દ્વારા રોજગાર અને આર્થિક આધારમાં નવું બળ પુરું પાડશે. મુખ્યમંત્રીના આ દૂરોગામી નિર્ણયથી દેશવિદેશના નાના મધ્યમ કદના જહાજો સચાણામાં શિપ બ્રેકિંગ રિસાયકલિંગ માટે આવતા થવાથી કેન્દ્ર અને રાજ્ય સરકારને કસ્ટમ જીએસટી સહિતનું હૂંડિયામણ મળતું થશે. ગુજરાતના સર્વગ્રાહી વિકાસ સાથે ઉત્તમથી સર્વોત્તમ ગુજરાતની મુખ્યમંત્રીની નેમ સાકાર કરવાની દિશામાં એક નવું સીમા ચિન્હ પ્રસ્થાપિત થશે.



હૈદરાબાદમાં વરસાદ પડતાંની સાથે શેરીમાં પૂરનાં પાણી ફેરવાઈ ગઈ હોઈ તેવું લાગે છે એક ભાઈ એવી પાણી ભરેલ શેરીમાં સ્કુટર લઈને પડી ગયાનું દ્રશ્યા

# બાબરી ધ્વંસ કેસઃ સુપ્રીમ કોર્ટે ટ્રાયલ કોર્ટને નિર્ણય સંભળાવવા માટે ૩૦ દિવસનો સમય આપ્યો

ન્યુ દિલ્હી,તા.૨૨

અયોધ્યામાં બાબરી મસ્જિદ ધ્વંસ કેસમાં સુપ્રીમ કોર્ટે લખનઉ સીબીઆઇ ટ્રાયલ કોર્ટને નિર્ણય સંભાળવા માટે ૩૦ દિવસનો સમય ફાળવતા ૩૦ સપ્ટેમ્બરની તારીખ આપી છે. આ કેસમાં બીજેપીના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ આડવાણી, મુરલી મનોહર જોશી, ઉમા ભારતી અને અન્ય કેટલાક નેતાઓ આરોપી બનાવવામાં આવ્યા હતા.

જસ્ટિસ રોહિંટન ફલી નરીમનના નેતૃત્વમાં બેન્ચે ૧૯ ઓગષ્ટે ૩૦ સપ્ટેમ્બર સુધી નિર્ણય સંભળાવવાની સમય મર્યાદા આપવાનો આદેશ કર્યો હતો.

નોંધનીય છે કે, અયોધ્યામાં ૬ ડિસેમ્બર ૧૯૯૨માં કારસેવકોએ બાબરી મસ્જિદ ધ્વંસ કરી હતી. તેમનો દાવો હતો કે મસ્જિદની સ્થાને રામનું પ્રાચીન મંદિર હતું. રામ મંદિર આંદોલનનુ નેતૃત્વ કરનારા લોકોમાં આડવાણી અને જોશી પણ સામેલ હતા.

આ કેસમાં બીજેપીના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ આડવાણીએ ૨૪ જૂલાઇએ વીડિયો કોન્ફરન્સ દ્વારા પોતોનું સ્ટેટમેન્ટ આપ્યું હતું. તેમણે બાબરી ધ્વંસના આરોપને નકારતા એ સમયની સરકાર પર પોતાના વિરુદ્ધ કાવતરુ કરવાના આરોપ લગાવ્યા હતા. તેમણે તમામ આરોપને રાજનીતિથી પ્રેરિત આરોપ ગણાવ્યા હતા.

# સુશાંત આપઘાત કેસઃ અભિનેતાના ઘરે પહોંચી સીબીઆઈની ટીમ

મુંબઈ,તા.૨૨

સુશાંતસિંહ રાજપૂત કેસની તપાસ હવે સીબીઆઈ કરી રહ્યું છે. સીબીઆઈ હાલ કેસની તપાસને લઈને એક્શન મોડમાં છે. પહેલા દિવસે સીબીઆની ટીમ આ કેસને લઈને કાર્યવાહી હાથ ધરી છે. શનિવારે પણ સીબીઆઈની ટીમ સુશાંતના મિત્ર અને ફ્લેટમેટ સિદ્ધાર્થ પિઠાનીની પૂછપરછ કરી રહી છે. આ સિવાય સુશાંતના કુક નીરજની પણ ફરી બીજી વખત પૂછપરછ કરવામાં આવી રહી છે. સીબીઆઈની એક ટીમ બાંદ્રા પોલીસ સ્ટેશન પહોંચી છે. જે થોડા સમય પછી ત્યાંથી રવાના થઈ ગઈ હતી. આ સિવાય એક ટીમ કૂપર હોસ્પિટલ પહોંચી હતી. ત્યાં સુશાંતનું પોસ્ટમોર્ટમ કરનાર ડોક્ટરોની પૂછપરછ કરવામાં આવી હતી. સીબીઆઈના અધિકારીઓ સુશાંતના ઘરે પહોંચ્યા છે. જ્યાં ક્રાઈમ સીન રીક્રિએટ કરવામાં આવશે. એક ડમી ટેસ્ટ પણ કરવામાં આવશે. સુશાંત કેસની તપાસ કરી રહેલી સીબીઆઈની ટીમ સુશાંતસિંહ રાજપૂતના એપાર્ટમેંટમાં





ક્રાઈમ સીનને રીક્રિએટ કરશે. સુશાંતના ફ્લેટમેટ સિદ્ધાર્થ પિઠાની અને સુશાંતના સ્ટાફ નીરજ અને દીપેશ સાવંત પણ સીબીઆઈ અધિકારીઓની સાથે છે. દિલ્હીથી પહોંચેલી ફોરેંસિક ટીમ પણ સીબીઆઈ ટીમની સાથે હાજર છે. સુશાંતસિંહ રાજપૂતના ફાઈનાન્સિયલ ટ્રાન્જેક્શનની તપાસ કરી રહેલી ઈડીની ટીમ હવે રિયા ચક્રવર્તીની ઈંટરનેશનલ ટ્રાન્જેક્શનની તપાસ પણ કરશે. ઈડીએ ફાઈનાન્સિયલ યૂનિટથી રિયાના કારોબાર અને ફાઈનાન્સિયલ ટ્રાન્જેક્શનની રિપોર્ટ માંગવામાં આવી છે. જે તેણે ૨૫ દિવસના યૂરોપ ટૂર દરમિયાન કર્યા હતા. કહેવામાં આવી રહ્યું છે કે આ જ યુરોપની ટૂર પછી સુશાંતની તબીયત ખરાબ રહેવા લાગી હતી.

સુશાંતસિંહ રાજપૂતના મોતની તપાસ કરી રહેલી સીબીઆઈની ટીમ રિયા ચક્રવર્તી સાથે પણ સવાલ જવાબ કરી શકે છે. સીબીઆઈની ટીમ હાલ સિદ્ધાર્થ પિઠાની સાથે પૂછપરછ કરી હતી. સુશાંતના પોસ્ટમોર્ટપ પછી ૪૫ મીનિટ ત્યાં હાજર રહેવાને લઈને કેટલાક સવાલ ઉભા થયા છે. સીબીઆઈ પહેલા સુશાંતસિંહ રાજપૂતના કેસમાં ઈડીએ પણ ત્રણ રાઉન્ડમાં પૂછપરછ કરી હતી. ઈડીએ રિયાના બંને મોબાઈલ અને લેપટોપ જપ્ત કરી લીધા છે.

## પેન્શન મૂળભૂત અધિકારનો ભાગઃ મુંબઈ હાઈકોર્ટ

મુંબઈ,તા.૨૨

મુંબઈ હાઈકોર્ટની નાગપુર બેન્ચે એક મામલામાં ટીપ્પણી કરતા ગુરુવારે કહ્યું કે પેન્શન જિંદગી જીવવાના અધિકારોનો એક હિસ્સો છે અને કોઈને પણ તેનાથી વંચિત કરવો અસ્વીકાર્ય છે. આ વાત જસ્ટિસ રવિ દેશપાંડે અને જસ્ટિસ એનબી સૂર્યવંશીની બેન્ચે નાગપુરના રહેવાસી નૈની ગોપાલની અરજી પર સુનાવણી કરતી વખતે કહી છે. અરજીકર્તાએ ભારતીય સ્ટેટબેંકના પેન્શન વિભાગની કાર્યવાહી પર ફરિયાદ કરતા કહ્યું હતું કે તેમના પેન્શનની માસિક રકમ ૧૧૪૦૦ રુપિયામાંથી પ્રતિ મહિને ૭૮૨ રુપિયાની કાપ કરાઈ રહ્યો છે અને કુલ ૩.૬૯ લાખ રુપિયા કપાઈ ચૂક્યા છે. તેમણે આ રકમ મેળવવા માટે અરજી દાખલ કરી હતી. આ સંદર્ભે બેંકે પોતાની સ્પષ્ટતામાં કહ્યું હતું કે, ટેકનિકલ ખામીના કારણે તેમના પેન્શનમાં ૨૦૦૭થી પ્રતિ મહિને ૭૮૨ રુપિયા કપાતા હતા.

# એફએટીએફના ડરથી પાકિસ્તાને ૮૮ આતંકીઓ પર પ્રતિબંધ લગાવ્યો

ઈસ્લામાબાદ,તા.૨૨

ફાઈનાંશિયલ એક્શન ટાસ્ક ફોર્સની ઓકટોબરમાં યોજાનાર બેઠક પહેલા પાકિસ્તાને ૮૮ આતંકીઓ પર પ્રતિબંધ લગાવ્યો છે. તેનો હેતુ બ્લેકલિસ્ટ થવાથી બચવાનો છે. પાકિસ્તાન હાલમાં ગ્રે લિસ્ટમાં છે. જે આતંકીઓ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે, તેઓ મુખ્યત્વે આઈએસ, અલકાયદા અને તાલિબાનના નાના સંગઠનો સાથે જોડાયેલા છે.

જો પાકિસ્તાન એફએટીએફના ગ્રે લિસ્ટમાં જ રહે છે અથવા તો તેને બ્લેક લિસ્ટ કરવામાં આવે છે તો તેને આઈએમએફ સહિત અન્ય સંસ્થાઓ પાસેથી લોન લેવાનું અશક્ય બનશે.

એફએટીએફની બેઠક પહેલા પાકિસ્તાન દ્વારા આતંકવાદીઓ અથવા આતંકવાદી સંગઠનો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવે તેવું પહેલીવાર નથી.ગત વર્ષે મેં મહિનામાં પણ તેણે ૮ આતંકી સંગઠનો સામે કાર્યવાહી કરી હતી. આ વખતે ૮૮ આતંકીઓ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. આ આતંકવાદીઓના બેંક ખાતાઓ અને સંપત્તિઓને સીલ કરી દેવામાં આવી છે. સાથે જ તેમની મુસાફરી પર પણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. થોડા દિવસો પહેલા યુએન દ્વારા પણ આતંકવાદીઓની યાદી જહેત કરાઈ હતી. આમાંના ઘણા આતંકીઓ પાકિસ્તાનમાં હાજર છે.

# ‘હિટમેન’ રોહિત શર્માને મળશે ખેલ રત્ન એવોર્ડ, બીસીસીઆઈએ પાઠવી શુભેચ્છા

ન્યુ દિલ્હી,તા.૨૨

ટીમ ઈન્ડિયાના સ્ટાર ઓપનર રોહિત શર્માને આ વર્ષે દેશનું સર્વોચ્ચ એવોર્ડ રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે. આ સિવાય રમત ગમત ક્ષેત્રો બીજી ચાર હસ્તિઓને પણ ખેલ રત્નથી સન્માનિત કરવામાં આવશે. ખેલ રત્ન મેળવનાર રોહિત શર્મા ચોથો ક્રિકેટર હશે. આ પહેલા મહાન ખેલાડી સચિન તેન્ડુલકર, પૂર્વ કેપ્ટન મહેંદ્ર સિંહ ધોની અને ટીમ ઈન્ડિયાના કેપ્ટન અને દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલી ખેલ રત્ન એવોર્ડ મેળવી ચુક્યા છે. ખેલ રત્નના ઈતિહાસમાં પહેલી વખત ૫ ખેલાડીઓને એક સાથે આ સન્માન આપવામાં આવશે. આ પ્રસંગે ભારતીય ક્રિકેટ બોર્ડ એ રોહિત શર્માને અભિનંદન આપ્યા હતા. બીસીસીઆઈએ ટ્વીટ કર્યું, ‘રોહિત શર્માને રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ, ૨૦૨૦સન્માનિત થવા બદલ અભિનંદન. ભારતનો સર્વોચ્ચ રમતગમત સન્માન એવોર્ડ. આ એવોર્ડ મેળવનાર રોહિત ચોથો ભારતીય ક્રિકેટર છે. અમને તમારા પર ગર્વ છે, હિટમેન. બીસીસીઆઈ એ રોહિતના વર્લ્ડ કપ ૨૦૧૯ની એક તસવીર શેર કરી, જેમાં લખ્યું છે, ભારતના સર્વોચ્ચ રમતગમત સન્માન (રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ ૨૦૨૦) થી સન્માનિત થવા બદલ રોહિત શર્માને અભિનંદન. આ એવોર્ડ મેળવનાર ચોથો ભારતીય ક્રિકેટર છે. છે. અમને તમારા પર ગર્વ છે, હિટમેન! રોહિત શર્માએ ગયા વર્ષે ક્રિકેટના ત્રણેય ફોર્મેટ્સમાં કમાલ કરી હતી. આને કારણે તેમને ખેલ રત્ન એવોર્ડ પ્રાપ્ત કરવાનું સન્માન મળ્યું છે.

આ વર્ષના રાષ્ટ્રીય પુરસ્કાર સમારોહનું આયોજન કોવિડ-૧૯ મહામારીના કારણે વર્ચુઅલ થવાની સંભાવના છે. વિજેતા પોતાના સંબંધિત ક્ષેત્રથી લોગઈન કરી ૨૯ ઓગસ્ટે આ સમારોહનો ભાગ બનશે. સામાન્ય રીતે તેનું આયોજન રાષ્ટ્રપતિ ભવનમાં થશે. હોકીના જાદૂગર મેજર ધ્યાનચંદના જન્મદિવસ ૨૯ ઓગસ્ટે દેશમાં રાષ્ટ્રીય ખેલ દિવસના રૂપે તેની ઉજવણી કરવામાં આવે છે. ૨૯ ઓગસ્ટે રાષ્ટ્રીય ખેલ દિવસ પર રાષ્ટ્રપતિ રામનાથસિંહ કોવિંદ ખેલાડીઓને ખેલ રત્ન એવોર્ડ આપશે.

# ભારતે ચીનને આપ્યો ઝટકો, રેલ્વેએ ૪૪ વંદે ભારત ટ્રેનોનું ટેન્ડર કર્યુ રદ

ન્યુ દિલ્હી,તા.૨૨

ભારતીય રેલવેએ ચીનને વધુ એક આર્થિક ફટકો માર્યો હતો. સેની હાઇસ્પીડ વંદે ભારત ટ્રેનો માટે ચીનની એક કંપનીને અપાયેલો ઓર્ડર રદ કરવામાં આવ્યો હતો. હવે ભારતીય રેલવે નવી પબ્લિક પ્રોક્યોરમેન્ટ પોલિસી અન્વયે નવાં ટેન્ડર બહાર પાડશે. આ ઓર્ડેર મુજબ ચીનની કંપનીએ ૪૪ સેમી હાઈસ્પીડ ટ્રેનો વંદે ભારત યોજના માટે આપવાની હતી. આ ઓર્ડર કરોડો રૂપિયાનો થવા જતો હતો. આ યોજના હેઠળ હવે ભારત સરકાર મેક ઈન ઈન્ડિયા એટલે કે સ્થાનિક કંપનીઓને પ્રાયોરિટી આપશે.

નવા ટેન્ડરની પ્રક્રિયા આવતા સપ્તાહે શરૂ થશે. સત્તાવાર જાહેરાત મુજબ ભારતીય રેલવેએ ચુમાલીસ સેમી હાઈસ્પીડ વંદે ભારત ટ્રેનો માટે ચીનની કંપનીએ ભરેલાં ટેન્ડર્સને રદ કર્યા હતા. હવે નવી પબ્લિક પ્રોક્યોરમેન્ટ પોલિસી હેઠળ નવેસર ટેન્ડર્સ બહાર પડાશે.

જે વિદેશી કંપનીઓ હાલ ચીનની બહાર નીકળવા ઉત્સુક હોય તેમને આ ટેન્ડર જરૂર આકર્ષશે. ઈલેક્ટ્રોનિક પ્રોડક્ટ બનાવતી વિદેશી કંપનીઓને આ યોજનામાં અચૂક રસ પડશે. એક અહેવાલ મુજબ ઓછામાં ઓછી બે ડઝન વિદેશી કંપનીઓએ આ પ્રોજેક્ટમાં રસ દેખાડ્યો હતો. આવી કંપનીઓમાં સેમસંગ અને એપલ જેવી માતબર કંપનીઓનાં નામ છે. આ કંપનીઓ ભારતમાં ૧૫૦ કરોડ ડૉલર્સ (આશરે ૧૧૦૦૦ કરોડ રૂપિયા ) રોકવા ઉત્સુક હોવાનું કહેવાય છે. આવી કોઇ વિદેશી કંપની સેમી હાઈસ્પીડ વંદે ભારત ટ્રેનો માટેનું ટેન્ડર ભરીને ઓર્ડેર મેળવે એવી શક્યતા હતી. ભારતમાંથી ચીનનું મૂડી રોકાણ ઓછું કરવાના પગલા રૂપે આ નિર્ણય લેવાયો હોવાની જાણકારી મળી હતી.

# આંધ્રપ્રદેશમાં સીઆઇડીના એપીસીઓના પૂર્વ ચેરમેનના ઘરે દરોડા

અમરાવતી,તા.૨૨

આંધ્રપ્રદેશમાં સીઆઇડીએ ખાજીપેટમાં એપીસીઓના પૂર્વ ચેરમેન ગુજજાલા શ્રીનિવાસુલુના નિવાસસ્થાન અને ઓફિસ પર દરોડા પાડ્યા હતા. તેમના નિવાસસ્થાનેથી ૩ કિલો સોનું, ૨ કિલો ચાંદી, ૧ કરોડ રૂપિયાથી વધુની રોકડ રકમ અને સંપત્તિના દસ્તાવેજો જપ્ત કરાયા છે. સીઆઈડી અધિકારીઓએ જણાવ્યું કે, હૈદરાબાદમાં શ્રીનિવાસુલુના ઘરેથી ૧૦ લાખ રૂપિયાની જૂની નોટો અને ૧૦ લાખની નવી નોટો મળી આવી છે. સીઆઈડી અધિકારીઓએ એમ પણ કહ્યું હતું કે કોર્ટની મંજૂરીથી શુક્રવારે શ્રીનિવાસુલુના ઘર, ઢામખાનાપલ્લેમાં આવેલ સોસાયટી કાર્યાલય અને સોસાયટીમાં કાર્યરત વ્યક્તિઓના ઘરે એક સાથે મળીને દરોડા પાડવામાં આવ્યા હતા. શ્રીનિવાસુલુના ઘરે અને ઓફિસ પર એક સાથે અચાનક દરોડા પડવાને કારણે પૂર્વ અધ્યક્ષ કંઈપણ છુપાવી શક્યા નહીં. સીઆઈડીએ કહ્યું કે તેઓ આશ્ચર્ય પામી રહ્યા છે કે ૧ કરોડની રોકડ અને સોનું આ રીતે ઘરમાં કેમ પડેલું છે. આટલી મોટી રકમ ઘરમાં કેમ રાખવામાં આવી તેની પણ તપાસ કરવામાં આવશે.

સોના-ચાંદીની સાથે સંપત્તિના અનેક દસ્તાવેજો પણ મળી આવ્યા છે. સીઆઈડીએ આ તમામ સંપત્તિ અને રોકડ રકમ જપ્ત કરી લીધી છે. શ્રીનિવાસુલુનું કાળું નાણું પોતાની હેઠળ લીધા બાદ સીઆઈડી ટીમે શ્રીનિવાસુલુ અને તેમના પરિવારની લાંબા સમય સુધી પૂછપરછ પણ કરી. સીઆઈડીએ જણાવ્યું કે તેમના ૨૫ અધિકારીઓએ શ્રીનુના ખાજાપેટ ખાતેના મકાનો અને પ્રોદ્દુતુર અને કડપ્પામાં રહેતા એકાઉન્ટન્ટ કોંડય્યા અને શ્રીરામુલુના ઘરો પર એક સાથે દરોડા પાડ્યા હતા. અધિકારીઓએ સોસાયટીની ઓફિસમાંથી કમ્પ્યુટર અને દસ્તાવેજો પોતાની સાથે લઈ ગયા. કેસ નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.આયોજક - સંચાલન એડમીન ટીમ.

ન્યુઝ ઓફ ગાંધીનગરમાં દરેક સ્પર્ધકનું સ્વાગત છે"

પદ્ય વિભાગ

1)NG NO-0010
દીપ્તિ પટેલ "શ્રી કૃપા"
શીર્ષક-પદ્મ

2}NG NO-0037
હેમલતા ટી દિવેચા
શીર્ષક-કમળ

3)NG NO-0051
ઉર્વશી મહેતા
શીર્ષક-ગૂંથાય વેલીઓ પદ્મની ડાળ રે

4}NG No-0016
જયેશ ઓઝા
શીર્ષક-મા ભગવતીની સ્તુતિ

5)NG NO-0028
ઝરણારાજા "ઝારા"
શીર્ષક-પદ્મ

6)NG No-0039
પ્રફુલ્લાબેન પ્રસન્ના
શીર્ષક-પદ્મ

-----------------------------------

ગદ્ય વિભાગ

1}NG NO-0043
મૈત્રી ઉપાધ્યાય
શીર્ષક-પદ્મ(લેખ)

2}NG NO --0044
વિભૂતિ દેસાઈ ઘાસવાલા
શીર્ષક - પદ્મ

વિજેતા મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન
એડમિન પેનલ

-----------------------------------

પદ્ય વિભાગ

1 )N G no. -- 10
પ્રકાર - પદ્ય - ગઝલ
શીર્ષક - પદ્મ.....(લગાગા ૪)

થઈ શું કદી ભૂલ મારી જીવનમાં,
સહારા વિનાનો અજ્ઞાની જીવનમાં.
ગણીને તમારો બાળ રાખો ચરણમાં,
સમર્પણથી માંગુ હું માફી જીવનમાં.
હરખથી લખીને ફરીથી જગતમાં,
પરીક્ષા સમયની નિભાવી જીવનમાં.
દયા ને સ્નેહથી સતત આ હૃદયમાં,
અવિરત પ્રકાશે જે પાવન જીવનમાં.
સુગંધી પદ્મ આસને બિરાજતાં 'શ્રી',
કૃપા એમની નીત યશસ્વી જીવનમાં.
દીપ્તિ પટેલ'શ્રીકૃપા' વડોદરા.

-----------------------------------

૨ ) ન્યુઝ ઓફ ગાંધીનગર.
વિભાગ.(પદ્ય )
GN- 0037.
શીર્ષક ; કમળ.

વાહરે ! કમળ તારી જિંદગી
કાદવમાં જન્મ તારો
કાયા તારી કંચન.
કાદવ પણ સ્પર્શે નહીં તને,
એવી તારી તપસ્યાં.
સુંદરતા તારી
અદભૂત !

દેવ,દાનવ,માનવ કરે પ્રસંશા.
હે ! કમળ તું કર્મનો
સિદ્ધાંત ,
જન્મથી નહિ કર્મથી
મહાન.
હેમલતા.ટી. દિવેચા.જુનાગઢ

-----------------------------------

3) N.G NO : 0051
વિભાગ : પદ્ય
શબ્દ: પદ્મ
શીર્ષક :"ગૂંથાય વેલીઓ પદ્મને ડાળ રે"

ખીલ્યું પદ્મ નદીને નીર
પાંદડે પાંદડે કમળમાળ,
ગૂંથાય વેલીઓ પદ્મને ડાળ...રે
ખીલેલાં ફૂલનો હાર ગૂંથી
શિવાલય મેળો ભરાય,
ગૂંથાય વેલીઓ પદ્મને ડાળ...રે
શિવને ફૂલહાર ચઢાવી
મંત્રોચ્ચાર કરતાં ભક્તો,
ગૂંથાય વેલીઓ પદ્મને ડાળ...રે
શ્રાવણ માસમાં બિલી ચઢાવી
પૂજા-આરાધના કરતાં ભક્તો
ગૂંથાય વેલીઓ પદ્મને ડાળ...રે
દાસ વિનવે સદાશિવને
ભવસંકટ દૂર કરજો
ગૂંથાય વેલીઓ પદ્મને ડાળ..રે
અઢળક ધન સંપત્તિ પાસે
કોરા રહી ગયા કાગળ
ગૂંથાય વેલીઓ પદ્મને ડાળ...રે
દુ:ખીયાના બેલી છો તમે
ભવપાર ઊતારજો વિભુ
ગૂંથાય વેલીઓ પદ્મને ડાળ...રે
ઉર્વશી મહેતા અમદાવાદ.

-----------------------------------

4) NG :- 0016
વિભાગ :- પદ્ય
શબ્દ :- પદ્મ
શીર્ષક :- મા ભગવતીની સ્તુતિ

પદ્મ આસને મા ભગવતી બિરાજે,
હાર ધવલ ધવલ વસ્ત્ર શોભા વધારે.
વિણાનો નાદ મારા દિલને ડોલાવે,
સાંભળ તને તારો બાલુડો બોલાવે.
વિદ્યા સાથે વિનય-વિવેક તું આપે,
દુ:ખ આપદા બધી મારી તું કાપે.
શાંત વદન પ્રસન્ન ચિત્ત આનંદ અપાવે,
માના શરણે ભક્તો નીત શીશ નમાવે.
તારું નામ માડી મારા દિલમાં કોરાયું,
રાત દિવસ ચરણે તારા શીશ ઝુકાવું.
જયેશ ઓઝા ' અગન '

-----------------------------------

૫) ન્યુઝ ઓફ ગાંધીનગર
વિભાગઃ પદ્ય
NG - 0028
ગઝલઃ પદ્મમાં
છંદઃ રમલ ( ગાલગાગા ગાલગાગા ગાલગા)

માત સરસ્વતી રહે છે પદ્મમાં,
માત લક્ષ્મી પણ વસે છે પદ્મમાં.
ફૂલ ખીલે છે કાદવમાં સદા,
પણ જગત મોહી પડે છે પદ્મમાં.
થાય જો મોહિત ભમરો જોઈને,
ગાન એ ગુનગુન કરે છે પદ્મમાં.
ખૂબ કરશો યાચના મળશે વિદ્યા,
શારદાનું જળ વહે છે પદ્મમાં.
આવશે બુદ્ધિ કરો જો પ્રાર્થના,
જ્ઞાનનું ભાથું જડે છે પદ્મમાં.
ઝરણા રાજા. " ઝારા"
ભરૂચ

-----------------------------------

6)N O G S ( vip ) Member grp
N G no. -- 39
પ્રકાર-- પદ્ય - અછાંદસ
શીર્ષક -- પદ્મ

પદ્મ સરીખી નાર પદમણી, હોઠ જાણે પરવાળા,
મલકે તો જાણે ખીલતું કમળ, દંત સોને મઢયા,
હાલોને રાણી આપણે હિંચકીએ,
હાથમાં રાખી હાથ,
પિયુના સંગે પદ્માસને બેસી પગની મારે ઠેસ,
જમણા પગે રાણી તમે હિંચકાવો
ડાબાએ તમને હિંચકાવું,
સંગ સંગ ઘડીક ઊંચે ને નીચે હૈયાને પણ ઝુલાવું,
પિયુના ખોળામાં માથું મૂકીને ધબકારા ઝીલાય,
લહેરાયો કેવો રૂપનો ઠસ્સો! વાયરા સંગ લહેરાય!
બાહોમાં ભરીને સમાવી દે સાજન,
જીવનને છલકતું,
ઊંચકી લીધું હળવેથી ફૂલની જેમ,
જોબનીયું બહેકતું,
હિંચકેથી ઉતરી દોડી ફળિયામાં
સામસામે લીધા રાસ,
એક તાલીએ હરખે ગોરીનું હૈયું,
બીજીએ પગના તાલ,
અષાઢી મેઘ આવ્યો ભીંજવવા,
પલળીને લીધી હીંચ,
અંગ અંગ ભીંજવે હેલી વરસાદની
અંતરમાં ઉઠી ટીસ.
પ્રફુલ્લા"પ્રસન્ના" અમદાવાદ

જય સચ્ચિદાનંદ!
ભૂલ પોતાની જોવી સદા
દોષ ના કોઈમાં દેખાય
સમ્યક દ્રષ્ટિ રાખવી
સહુમાં નિહાળો ભગવાન
જગત દોષિત જો દેખાશે
ભવોભવ ભટકવું રહેશે
કરેલાં કર્મની પોટલીઓ
નિકાલ કરવો જ પડશે
આજે સંવત્સરીપાવન પર્વે
આપની અંદર બિરાજમાન શુધ્ધાત્મા છે ભગવાન
અંતઃકરણપૂર્વક કરુનમસ્કાર જાણ્યે અજાણ્યે મારા તથા
મારાં નામની સર્વ માયા થકી આપના અહમ દુભાવા
સંબંધી આજ દિન ની અધ્યક્ષણ પર્યંત જે જે દોષો થયા
છે તેનું આલોચના, પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન કરું
છું..ક્ષમા પ્રાર્થુ છું...
"મન"ની ક્ષમા પ્રાર્થના
જય સચ્ચિદાનંદ
૨૨-૦૮-૨૦૨૦

## અમદાવાદના પૂર્વ મેયર પ્રફુલ બારોટનું અવસાન, વડાપ્રધાને આપી શ્રદ્ધાંજલિ

અમદાવાદ,તા.૨૨

અમદાવાદમાંથી હાલ એક દુ:ખદ સમાચાર મળી રહ્યા છે. અમદાવાદના પૂર્વ મેયર પ્રફૂલ બારોટનું આજે દુ:ખદ નિધન થયું છે. તેમના અવસાન પર દેશના પીએમ મોદીએ ટ્વીટર પર શ્રદ્ધાંજલિ પાઠવી છે. પીએમ મોદીએ પોતાની ટ્વિટમાં લખ્યું છે કે, અમદાવાદના પૂર્વ મેયર શ્રી પ્રફુલભાઈ બારોટના અવસાનથી દુ:ખ અનુભવું છું. અમદાવાદના વિકાસ કાર્યોમાં તેઓનું યોગદાન સદાયે એમની યાદ અપાવતું રહેશે. મારી સાંત્વના આ શોકની ઘડીમાં પરિવાર અને શુભેચ્છકોની સાથે છે. ઓમ શાંતિ..!. પીએમ મોદી બાદ રાજ્યના સીએમ વિજય રૂપાણીએ પણ પૂર્વ મેયર પ્રફૂલ બારોટના અવસાન થતા ટ્વીટર પર શ્રદ્ધાંજલિ આપીને દુ:ખ વ્યક્ત કર્યું છે.

સીએમ વિજય રૂપાણીએ પણ લખ્યું છે કે, 'અમદાવાદના પૂર્વ મેયર શ્રી પ્રફુલભાઈ બારોટના નિધનથી અત્યંત દુ:ખની લાગણી અનુભવું છું. અમદાવાદની વિકાસયાત્રામાં એમનું યોગદાન સદાય સ્મરણીય રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા એમના આત્માને ચિર શાંતિ બક્ષે અને પરીવારજનોને દુ:ખ સહન કરવાની શક્તિ બક્ષે એ જ પ્રભુના ચરણોમાં પ્રાર્થના, ઓમ શાંતીપ આ સિવાય ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે પણ પૂર્વ મેયર પ્રફૂલ બારોટના અવસાનના સમાચાર મળતા તેમણે ટ્વીટર પર લખ્યું કે 'અમદાવાદના પૂર્વ મેયર શ્રી પ્રફુલભાઈ બારોટજીનાં અવસાનથી અત્યંત દુ:ખની લાગણી અનુભવું છું.

## રત્નકલાકારોને કોરોના માટે માટે જવાબદાર ઠેરવાતા રોષ,ધરણા પહેલાં ધરપકડ

સુરત,તા.૨૨

શહેરમાં કોરોના ફેલાવા માટે રત્નકલાકાર જવાબદાર છે તેવું સરકાર દ્વારા હાઈકોર્ટમાં રજુવાત કરવામાં આવી હતી જેને લઈને સુરત ના રત્નકલાકારો માં રોષ જોવા માંડ્યો હતો જોકે આ મામલે સુરત માં રત્નકલાકારો ના સમર્થનમાં સરકાર વિરુદ્ધ કોગ્રેસ કોર્પોરેટર દ્વારા ધારણા કરવામાં આવા ના હતા તે પહેલા પોલીસે તેમની ધરપકડ કરી છે. શહેરમાં થોડા દિવસો અગાઉ કોરોના સંક્રમણ ખૂબ વધી ગયેલું હતું જોકે આ અંગે હાઈકોર્ટમાં જવાબ આપતા ગુજરાત સરકારે સુરતમાં સંક્રમણ વધવા પાછળ રત્નકલાકારો જવાબદાર હોવાનું એક કારણ ગણાવ્યું છે. ગુજરાત સરકારના આ જવાબથી રત્નકલાકારોમાં રોષ જોવા મળી રહ્યો છે. વરાછા વિસ્તારમાં રસ્તાઓ પર બેનર લગાવીને રોષ પ્રગટ કરવામાં આવ્યો છે.

સાથે જ આજે રત્નકલાકારોના સમર્થનમાં પાંચેક લોકો ધરણા પર બેસવા આવ્યાં. માનગઢ ચોક મિની બજાર પર ધરણા પર બેસવા પહેલા જ અટકાયત કરવામાં આવી છે. અટકાયત થયેલામાં કોંગ્રેસના કોર્પોરેટર દિનેશ કાછડિયા સહિતના અન્ય ચારનો સમાવેશ થાય છે.વરાછા અને કતારગામ વિસ્તારમાં કોરોના કેસ થોડા દિવસો અગાઉ ખૂબ વધી ગયા હતાં. જેથી ગુજરાત હાઈકોર્ટે આ અંગે સરકાર પાસેથી જવાબ માંગ્યો હતો. જેના જવાબમાં કોરોના સંક્રમણ વધવાના કારણો દર્શાવવાની સાથે સાથે કોરોના સંક્રમણ માટે રત્નકલાકારોને પણ જવાબદાર ઠેરવવામાં આવ્યાં હતાં. જેથી રત્નકલાકારોમાં વિરોધ જોવા મળી રહ્યો છે.

રત્નકલાકારોને કોરોના સંક્રમણ માટે સરકારે જવાબદાર ઠેરવતાં વરાછા વિસ્તારમાં રોષ સાથે અપમાન થયાની લાગણી અનુભવતા બેનર મારવામાં આવ્યાં છે. બેનર લાગ્યા બાદ આજે કોંગ્રેસના કોર્પોરેટર કાર્યકરો અને રત્નકલાકારો સાથે માનગઢ ચોક મિની બજાર ખાતે ધરણા પર બેસવાના હતા. જોકે વરાછા પોલીસે ધરણા શરૂ થાય તે અગાઉ જ કોર્પોરેટર દિનેશ કાછડિયા, કેતન વાણિયા સહિતના પાંચેકની અટકાયત કરી લીધી છે જોકે સક્રમણ માટે રત્નકલાકરો કરતા સરકાર માનીતા અને હીરા ની મોટી પેઠી ચલાવતા માલિકો જવાબદાર હોવા છતાંય તેમની બચાવી રત્નકલાકારો પર દોષનો ટોપલો નાખતા સરકાર સામે ધારણા કરવાનું આયોજન હતું જોકે પોલીસે તમામ ની અટકાયત કરી તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છે.

## કચ્છના નલિયા એરબેઝમાં તેજસની પ્રથમ સ્ક્વોડ્રન બનશે

ગાંધીનગર,તા.૨૨

ગુજરાત માટે આજે એક સૌથી મોટા અને ગર્વ થાય તેવા એક સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાત કચ્છના નલિયા એરબેઝમાં તેજસની પ્રથમ સ્ક્વોડ્રન બનવા જઈ રહ્યું છે. આ સિવાય રાજસ્થાનના ફલૌદી એરબેઝ પર વિશ્વના સૌથી હળવા ફાઈટર જેટ તેજસને તહેનાત કરાશે. આ બંન્ને સરહદ પાકિસ્તાનથી નજીક આવેલી છે. એક સ્ક્વોડ્રનમાં ઓછામાં ઓછા ૧૮ વિમાન રાખવામાં આવે છે. એરફોર્સ એચએએલ પાસેથી માર્ક – ૧ તેજસ વિમાન ખરીદશે. નલિયા અને જેસલમેરમાં અત્યાર સુધી ૬ થી ૭ તેજસ વિમાનોનુ ટ્રાયલ થઈ ચૂક્યુ છે. ગુજરાત કચ્છના નલિયા એરબેઝ અને ફલૌદી વ્યૂહાત્મક દૃષ્ટિએ અત્યંત મહત્ત્વના એરબેઝ છે.

સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે કચ્છના નલિયામાં તેજસને તહેનાત કરવા માટે લાંબા સમયથી વિચાર વિમર્શ ચાલી રહ્યા હતા. જેનો હવે અંત આવ્યો છે. નલિયા અને જેસલમેરમાં અત્યાર સુધીમાં ૬-૭ તેજસ વિમાનોનું ટ્રાયલ થઈ ચૂક્યું છે. જૂનમાં ફલૌદી એરબેઝ પર પણ ટ્રાયલ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં જ ૧૫મી ઓગસ્ટની ઉજવણી દરમ્યાન લાલ કિલ્લા પરથી વડાપ્રધાન મોદીએ આ અંગે જાહેરાત કરી હતી. કચ્છના નલિયા એરબેઝથી પાકિસ્તાનનું હવાઈ અંતર માત્ર ૪૦થી ૫૦ કિમી છે.

આ સ્થિતિમાં હવાઈ, જમીન અને સમુદ્રી સુરક્ષા માટે આ સ્થળ મહત્ત્વનું છે. નોંધનીય છે કે, તમિલનાડુના સુલૂર એરબેઝમાંથી તેજસ વિમાન અનેકવાર અહીં આવી ચૂક્યાં છે તથા પશ્ચિમી સરહદે ઉડાન ભરી ચૂક્યા છે. મિગ શ્રેણીના વિમાનો ફેઝઆઉટ થતા પશ્ચિમી સરહદે સુરક્ષાના કારણોસર સ્વદેશી વિમાનોને તહેનાત કરવામાં આવે છે. મોટાભાગના તેજસ વિમાનો મિગ શ્રેણીના વિમાનોનું સ્થાન લેશે.

### ઘર વપરાશના પાણી કનેક્શનો મુદ્દે રુપાણી સરકારનો મોટો નિર્ણય

## ભૂતિયા નળ કનેક્શનને ૫૦૦ રુપિયા ફી લઈ નિયમિત કરી અપાશે



ગાંધીનગર,તા.૨૨

નલ સે જલ' મિશનમાં અગ્રેસરતા માટે ગુજરાત સરકાર દ્વારા ક્રાંતિકારી નિર્ણય લેવામાં આવ્યો છે. જે મુજબ, અડધા ઈંચ સુધીના ગૃહ વપરાશના ખાનગી-સ્વતંત્ર રહેણાંકના ભૂતિયા જોડાણો ૩૧ ડિસેમ્બર સુધીમાં માત્ર ૫૦૦ રૂપિયાની નજીવી ફી લઈ રેગ્યુલરાઈઝ કરી અપાશે. નગરો-મહાનગરોમાં ખાનગી ઝૂંપડપટ્ટીને પાણીના જોડાણોની માંગણી થયેથી નિયમાનુસાર ધોરણે કનેક્શન આપી દેવાશે. મુખ્યમંત્રીએ આ વિશે આઠ મહાનગરો-રિજીયોનલ મ્યુનિસિપલ કમિશનરો સાથે વીડિયો કોન્ફરન્સ યોજી હતી. જેમાં કોરોના સંક્રમણ નિયંત્રણ કામગીરી સાથે રોજબરોજના કામો-વિકાસકામોને પણ પ્રાધાન્ય આપવા સૂચના આપી છે. સાથે જ રોડ-રસ્તા રિપેરીંગ-નવિનીકરણના કામો દિવાળી પહેલાં પૂર્ણ કરવા ડિટેઈલ પ્લાનીંગ કરવા કહ્યું છે. રિયુઝ ઓફ ટ્રિટેડ વોટરનો નગરો-મહાનગરોમાં મહત્તમ ઉપયોગ કરવા સૂચન આપ્યું.

'નલ સે જલ' મિશનમાં ગુજરાતની અગ્રેસરતા માટે બે ક્રાંતિકારી નિર્ણયો કરવામાં આવ્યા છે. જેમાં રાજયના નગરો-મહાનગરોમાં અડધા ઈંચ સુધીના ગૃહ વપરાશના ખાનગી સ્વતંત્ર રહેણાંકના ભુતિયા-ગેરકાયદે જોડાણો ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં માત્ર રૂ. ૫૦૦ની નજીવી ફી લઈને નિયમીત-રેગ્યુલરાઈઝડ કરી આપવા માટે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને સૂચવ્યું છે. એટલું જ નહિ, તેમણે એવો પણ અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે કે, નગરો-શહેરો-મહાનગરોમાં ખાનગી ઝૂંપડપટ્ટીઓને પાણીના જોડાણોની માંગણી થવાથી નિયમાનુસાર ધોરણે નળ જોડાણ-કનેકશન આપી દેવાશે.

વિજય રૂપાણીએ રાજ્યના ૮ મહાનગરો તથા રિજિયોનલ મ્યુનિસિપલ કમિશનરો સાથે ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સ યોજીને 'નલ સે જલ' મિશનની કામગીરી, રોડ-રસ્તા રિપેરીંગ, કોરોના સંક્રમણ નિયંત્રણ તેમજ નાગરિક સુવિધા-સુખાકારીના કામોની સમીક્ષા કરી હતી.

આ સાથે જ તેઓએ બેઠકમાં કહ્યું હતું કે કોરોના સંક્રમણ નિયંત્રણ કામગીરીની સાથે હવે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ડે-ટુ-ડે રોજબરોજના વહિવટી કામોનો નિકાલ તેમજ વિકાસ કામોને પણ અગ્રતા આપી સ્થિતી પૂર્વવત થવા માંડી છે તેવી જનઅનુભૂતિ નાગરિકો-શહેરીજનોને કરાવવી જોઈએ.

સારા માર્ગો-રસ્તાઓ ગુજરાતની ઓળખ છે ત્યારે વર્ષાઋતુમાં વરસાદને કારણે રોડ-રસ્તાને જે નાનુ-મોટું નુકશાન થયું હોય તે માટે રિપેરીંગ-રિસરફેસીંગની તૈયારીઓ માસ્ટર પ્લાન સાથે કરી દેવાય અને ઊઘાડ નીકળતાં જ તે દુરસ્તી કામો હાથ ધરાય તેવી સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. આગામી દિવાળી પહેલાં આવા તમામ માર્ગો રસ્તાઓ પૂર્વવત બને તે માટેની કાર્યવાહીની પણ તેઓએ તાકીદ કરી હતી.

## ભારે વરસાદની આગાહીના પગલે રાજ્યમાંમાં રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર



ગાંધીનગર,તા.૨૨

રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે, ત્યારે ભારતીય હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ૨૨-૨૩ ઓગસ્ટ એટલે કે શનિ-રવિના રોજ ગુજરાતમાં જળબંબાકાર વરસાદની આગાહી કરવામાં આવી છે. હાલના તબક્કે પૂર્વ મધ્યપ્રદેશ તથા ઉત્તર છત્તીસગઢના આકાશમાં સુવ્યવસ્થિત લો-પ્રેશર સર્જાયું છે અને તે આગામી દિવસોમાં મધ્યપ્રદેશના પશ્ચિમ ભાગ તરફ પ્રયાણ કરે તેવી શક્યતા છે. આઈએમડીએ આ કારણસર જ આખા ગુજરાત રાજયને આ બે દિવસ ઓરેન્જ એલર્ટ પર રાખ્યું છે. રેડ વોર્નિંગ હેઠળ ઉત્તરના અરવલ્લી, મધ્યના મહિસાગર, સુરેન્દ્રનગર તથા સૌરાષ્ટ્રમાં દીવ કેન્દ્રશાસિત પ્રદેશના વિસ્તારો આવી શકે છે. જ્યારે અમદાવાદ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, ખેડા, પંચમહાલ અને દાહોદ જિલ્લા તથા આજુબાજુના વિસ્તારોમાં ઓરેન્જ એલર્ટ અપાયું છે.

જયારે રવિવાર માટે બનાસકાંઠા, અરવલ્લી, મહિસાગર, કચ્છ અને દીવમાં રેટ એલર્ટ જ્યારે અમદાવાદ, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, ખેડા, પંચમહાલ, દાહોદ, સુરેન્દ્રનગર, જામનગર અને મોરબીમાં ઓરેન્જ એલર્ટ અપાયું છે. નર્મદા, તાપી, દમણગંગા અને મહી નદીરના ઉપરવાસમાં ભારે વરસાદ પડવાને કારણે આગામી ૩-૪ દિવસ માટે આ નદીઓમાં ભારે પૂર આવવાની પણ સેન્ટ્રલ વોટર કમિશન દ્વારા પણ આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં અનેક મોટી નદીઓમાં જળસ્તર વધવાથી શકયતા સેવાઈ રહી છે. નદીમાં પૂરની સ્થિતિની પણ આશંકા છે. લોપ્રેસર સર્જાતા ભારે વરસાદની આગાહી કરાતા ખેડૂતોના માથે એક મોટી ઘાત દેખાઈ રહી છે. રાજ્યમાં મેઘ મહેર યથાવત્ છે.

સૌથી વધુ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ વરસ્યો છે. ગઈકાલે છેલ્લા ૨૪ કલાકમાં ૨૦૯ તાલુકામાં અડધાથી ૬ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. ગઈકાલે સૌથી વધુ વલસાડના ઉમરગામ તાલુકામાં ૬ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. ત્યારબાદ આણંદ, મહેસાણા, કચ્છ, નવસારી, જામનગર, ગાંધીનગર, પાટણ, ખેડા, સાબરકાંઠા, સુરત સહિતમાં સામાન્યથી ભારે વરસાદ નોંધાયો છે. જયારે બોટાદ,બનાસકાંઠા, ગીર સોમનાથ, ભાવનગર, જુનાગઢ, પોરબંદર, અમદાવાદ સહિતના વિસ્તારોમાં સામાન્ય વરસાદ વરસ્યો છે.

## ફોટો ગેલેરી





થાનગઢ નગરપાલિકા પ્રમુખ તરીકે શ્રીમતી લીનાબેન યોગરાજભાઈ ડોડીયા તેમજ ઉપપ્રમુખ તરીકે શ્રીમાન લાલાભાઈ નાથાભાઈ અલ ગોતર બિનહરીફ તરીકે વરણી કરવામાં આવેલ છે ત્યારે જિલ્લામાંથી પ્રમુખ તરીકે દિલીપભાઈ પટેલ,મહામંત્રી જગદીશભાઈ મકવાણા,મૃગેશભાઈ રાઠોડ તેમજ કરશનભાઈ સભાડ હાજર રહેલ તેમજ મોટી સંખ્યામાં ભાજપ ના કાર્યકર્તાઓ હાજર રહેલ.

### ભિલોડા પંથકમાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ

# મોડાસા સહીત અરવલ્લીમાં સાર્વત્રિક વરસાદ,ખેતરોમાં પાણી ભરાયા



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં વરસાદી માહોલ જામ્યો છે.જિલ્લાના દરેક તાલુકા મંથકમાં સાર્વત્રિક વરસાદ વરસતા ધરતીપુત્રોમાં આનંદ છવાયો છે.જયારે છેલ્લા ૨૪ કલાકમાં ગાજવીજ સાથે વરસાદ તૂટી પડયો હતો. જિલ્લાના ભિલોડા નગર અને પંથકમાં ગણેશ ચતુર્થીની વહેલી સવારે મેઘરાજાએ ભારે રૌદ્ર સ્વરૂપ ધારણ કરીને આક્રમક રીતે ત્રાટકતાં નગરના અનેક વિસ્તારો પાણી-પાણી થઇ ગયા હતા.ભિલોડાની સીવીલ હોસ્પિટલમાં પાણી ભરાતા દર્દીઓ અને આરોગ્ય કર્મીઓ કફોડી હાલતમાં મુકાયા હતા ભિલોડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ૪ કલાકમાં ૧૦ ઈંચ જેટલો વરસાદ ખાબકતા નીચાણવાળા રહેણાંક વિસ્તારોમાં પાણી ફરી વળ્યાં હતા કેનાલો પણ તૂટી ગઈ હતી સૌથી વધુ કફોડી સ્થિતિ નારાણપુર ગામમાં જોવા મળી હતી ઘરોની અંદર પાણી ઘુસી ગયા હતા મોડાસા શહેરમા સવારે મેઘરાજાની સવારી કડાકા ભડાકા સાથે પહોંચતા ચાર રસ્તા પર તળાવ જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું વાહનચાલકો અને રાહદારીઓ ભારે હાલાકીમાં મુકાયા હતા. મોડાસા શહેર સહિત અરવલ્લી જીલ્લામાં શનિવારે વહેલી સવારથી ભારે મેઘગર્જના સાથે વરસાદ ખાબક્યો હતો. વીજળીના કડાકા, ભડાકા સાથે શહેરમાં ખાબકેલા ૨ ઈંચ જેટલા વરસાદથી ઠેરઠેર પાણી ભરાઈ જતા શહેરના ધબકતા જનજીવન પર બ્રેક લાગી હતી અને શહેરના મુખ્ય માર્ગો પાણીમાં ગરકાવ થઈ જતા વાહનચાલકો પણ ભારે પરેશાન બન્યા હતા. તો ક્યાંક પાણીમાં વાહનો બંધ થઈ જવા પામ્યા હતા. શહેરના હાર્દસમા ચાર રસ્તા,કડિયાવાડા રોડ અને જુના બસસ્ટેન્ડ પાછળના વિસ્તારોમાં ૨ ઈંચ જેટલા સામાન્ય વરસાદમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા.મોડાસા જીઆઈડીસી થી જીલ્લા સેવાસદન રોડ પર ૬ જેટલા વીજપોલ નમી પડ્યા હતા

# મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં કોરોનાકાળમાં વિઘ્નહર્તાની સાદગીભરી પધરામણી



અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના મહામારી વચ્ચે આજથી ગણેશોત્સવનું પ્રારંભ થયો છે. કોરોનાને કારણે સરકારે જાહેર કરેલી ગાઈડલાઈન મુજબ મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં પણ આજે ખુબ જ સાદગીપૂર્વક ઘર-ઘરમાં વિઘ્નહર્તાનું વિધિવિધાનપૂર્વક સ્થાપન કરવામાં આવ્યું છે. કોરોનાની મહામારીએ લોકોની જીવનશૈલી બદલી નાખી છે ત્યારે આ વખતે ભગવાનના દર્શન-પુજા પણ પ્રભાવિત થયા છે. સાર્વજનિક ગણેશોત્સવની દાયકાઓની પરંપરા તુટી છે. વિશાળ અને ભવ્ય ગણપતિ પંડાલ નદારદ થયા છે. આવી સ્થિતિમાં પણ લોકોની વિઘ્નહર્તા પ્રત્યેની આસ્થા અડગ રહી છે.

નિયમો અને ગાઈડલાઈન મુજબ મોડાસા શહેરમાં આજે લોકોએ ૨ ફુટ સુધીની ગણપતિની માટીની મુર્તિની પધરામણી અને સ્થાપન કરીને ગણેશોત્સવનો ખુબ જ સાદગીપૂર્વક પ્રારંભ કર્યો હતો. જો કે કોરોનાને કારણે ગણેશ સ્થાપનની સંખ્યામાં ચોક્કસ ઘટાડો થયો છે. પરંતુ લોકોની આસ્થા અને ઉત્સાહમાં કોઇ કમી જોવા મળી નથી. શહેરના અસંખ્ય ઘરોમાં આજે દુંદાળા દેવની પધરામણી થઈ હતી

# કોરોના મહામારી ના કારણે ભક્તો એ પોતાના ઘરે માટીના ગણપતિજી મૂર્તિ લાવી સ્થાપના કરી



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

પવિત્ર શ્રાવણ મહિનો પૂરો થતાં તરત જ ગણેશોત્સવનો મહિમાં શરૂ થતા લોકોમાં થનગનાટ જોવા મળે છે સાથે સાથે સમગ્ર દેશ માં ગણેશ ચતુર્થી ની ધામધૂમ થી ઉજવણી કરવા માં આવતી ઠેરઠેર બાપ્પા ની મોટી મોટી મૂર્તિઓ ની સ્થાપના કરવા માં આવતી સાથે સાથે રાત્રીએ હ્વત્ન ,બિટ્સ ના સથવારે ભક્તો રાસ રમતા પરંતુ આ વર્ષે કોરોના મહામારી ના કારણે શહેર ગણેશ ઉત્સવ પર સરકારે રોક લગાવી દીધી છે જ્યારે ભક્તો એ બાપ્પા ની સ્થાપના પોતાના ઘરે કરી કોરોના ને હરાવા ની પ્રાર્થના કરી સાથે સાથે સરકારની ગાઈડ ને પણ અનુસરી જેને લઈને હવે જાહેરમાં ગણેશોત્સવ ન થતાં શ્રદ્ધાળુઓ,ભક્તો પોતાના ઘરે ગણેશ ભગવાનની મૂર્તિ લઈને તેની સ્થાપના કરી અને ગણેશજી નો વિસર્જન પણ તેમના ઘરે કરવામાં આવશે.

# ૩૦મી ઓગસ્ટે મોહરમ પર્વ, તાજિયા-જુલૂસ નહીં નીકળે

ગાંધીનગર,તા.૨૨

ઈસ્લામિક કેલેન્ડર પ્રમાણે નવા વર્ષનો (હિજરી ૧૪૪૨) ૨૧મી ઓગસ્ટના શુક્રવારથી પ્રારંભ થયો છે, ગુરુવારે સાંજે ચાંદ દેખાયો હોવાની શરઈ ગવાહી મળતાં ગુજરાત ચાંદ કમિટીએ જાહેર કર્યું હતું કે, ગુજરાતમાં ૩૦મી ઓગસ્ટના રવિવારે યવમે આશુરા એટલે કે મોહર્રમ પર્વ યોજાશે. બીજી તરફ કોરોના મહામારીના કારણે સરકારી ગાઈડલાઈનને અનુસરી આ વખતે તાજિયા-જુલૂસ નહિ નીકળે. લોકોને ઘરોમાં રહીને જ ઈબાદત કરવા તાજિયા કમિટી તરફથી સૂચનાઓ અપાઈ છે. મહત્ત્વનું છે કે, ઈસ્લામ ધર્મના પયગમ્બર હઝરત મોહંમદ (સ.અ.વ.)ના દોહિત્ર હઝરત ઈમામહુસૈન (રદિ.) અને તેમના ૭૨ સાથીઓએ કરબલાના મેદાનમાં વહોરેલી શહાદતની યાદમાં યવમે આશુરા-મોહર્રમ પર્વ મનાવવામાં આવે છે.



ગોલાઈ કા રાજા શ્રી સિદ્ધિ વિનાયક ગણપતિજીની મૂર્તિ આજરોજ સ્થાપના કરવામાં આવી આજે ગણેશ ચતુર્થીના પાવન દિવસે ગુરુનાનક ચોક પર દર વર્ષ ની જેમ આ વર્ષે પણ સિદ્ધિ વિનાયક શ્રી ગણપતિજી ની મૂર્તિ સ્થાપના કરવામાં આવી વિધિ વિધાન પૂર્વક ગોલાઈકા રાજા શ્રી સિદ્ધિ વિનાયકના નામે અહીં ગુરૂનાનક ચોક પર ગણપતિ ઉત્સવ ની કમિટી ગ્રુપ પણ છે જે છેલ્લા પંદર વર્ષોથી શ્રી સિદ્ધિ વિનાયક ગણપતિજીની મૂર્તિ સ્થાપના કરિ ધૂમ ધામ થી પાંચ દિવસો સુધી મહાઆરતી માહા ધૂન અને વિવિધ કાર્યક્રમો કરવામા આવતા હતા પરંતુ કોરોના જેવી મહામારી હોવાથી બીજા બધા કાર્યક્રમો રદ કરવામાં આવેલ છે પરંતુ ગણપતિજીની મૂર્તિ વિધિ વિધાન થી ગુરુનાનક ચોક પર આજરોજ સ્થાપના કરવામાં આવી છે ગોલાઈ કા રાજા ગણપતિ ઉત્સવની કમિટીના પ્રમુખ શ્રી દિનેશ ભાઈ પંચાલ તેમજ ગણેશ ઉત્સવ સમિતિના કાયમી ટ્રસ્ટી પ્રકાશ ભાઈ અગ્રવાલજી એ જણાવ્યું કે છેલ્લા ૨૨ વર્ષ થી પણ વધુ સમયથી ગુરુનાનક ચોક પર સમગ્ર પાલનપુર માં સૌથી મોટી અને વિશાળ મૂર્તિ અહીં સ્થાપના કરવામાં આવતી હતી તેમજ પાંચ દિવસ વિવિધ કાર્યક્રમો કરવામાં આવતા હતા પરંતુ કોરોના જેવી મહામારી હોવાથી ફક્ત પાંચ દિવસો સુધિ ગણપતિજીની આરતી પુજા કરવામા આવશે તેમજ સોશિયલ ડિસ્ટેન્ડિંગ ધ્યાને રાખીને લોકો ગણપતિજી ના દર્શન કરી શકશે તેની વ્યવસ્થા જાળવવામાં આવી છે

# કેશોદ સરકારી કચેરીઓ કોરોનાનાં ભરડામાં છતાં ધમધમાટ યથાવત

## અરજદારો કે કર્મચારીઓ સંક્રમણ નો ભોગ બની કોરોના ગ્રસ્ત થશે તો જવાબદારી કોની

કેશોદ :(રાજુભાઈ પંડ્યા)

કેશોદ શહેર-તાલુકા માં છેલ્લાં પચ્ચીસેક દિવસોથી અનલોક-૩ શરૂ થયાં બાદ કેશોદ શહેર-તાલુકા માં કોરોના મહામારી કાબુમાં આવવાને બદલે વકરી રહી છે અને રોજીંદા દશ થી પચ્ચીસેક કેસ નોંધાઈ રહ્યાં છે. આરોગ્ય વિભાગ દ્વારા આંકડાકીય માહિતી જાહેર કરવામાં આવે છે એમાં અને હકીકત નાં આંકડા માં જમીન આસમાન નો ભેદ આવે છે. આરોગ્ય ની ભાષામાં અષ્ટમભષ્ટમ ભણાવી ખરી જમીની હકિકત છુપાવી પોતપોતાની કામગીરી સારી હોવાનું બહાર જાહેર કરવામાં આવે છે. કેશોદ નગરપાલિકા વિસ્તારમાં લગભગ દરેક વિસ્તારોમાં કન્ટેઈનમેન્ટ ઝોન અને બફર ઝોન જાહેર કરવામાં આવેલ છે ત્યારે જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવતાં આંકડા કેમ ઓછાં દર્શાવવામાં આવે છે જેથી કેશોદ આરોગ્ય વિભાગ શંકાસ્પદ હાલતમાં જણાય છે. કોરોના પોઝીટીવ કેસ નોંધાયા બાદ લેવામાં આવતાં પગલાં સામાન્ય વ્યક્તિ સુધી જ લાગુ કરવામાં આવે છે ત્યારે કેશોદ શહેર-તાલુકા ની જુદી-જુદી કચેરીમાં ફરજ બજાવતાં કર્મચારીઓને કોરોના પોઝીટીવ કેસ નોંધાયા છે ત્યારે કચેરીમાં કામગીરી બંધ કરવાને બદલે ચાલુ જ રાખવામાં આવી છે. કેશોદ વાસીઓ માં ચર્ચાઈ રહ્યું છે કે ઉપરની કમાણી બંધ થાય એ પોસાય તેમ નથી એટલે સરકાર ની ગાઈડ લાઈન માં છટકબારીઓ શોધી કાઢી છે. કેશોદ સરકારી દવાખાનામાં લેબ ટેકનીશ્યન તરીકે ફરજ બજાવતા કર્મચારી અને સબ રજીસ્ટ્રાર કચેરીમાં ફરજ બજાવતા કર્મચારી ને કોરોના પોઝીટીવ રીપોર્ટ આવ્યો છે ત્યારે ચાલું ફરજ દરમ્યાન કેટલાં અરજદારો કર્મચારીઓ નાં સંપર્ક માં આવેલ હશે એ હિસ્ટ્રી જાણી સાવચેતી નાં પગલાં ભરવામાં આવ્યાં નથી અને રાબેતા મુજબ કચેરીઓ ધમધમતી હોય ત્યારે અરજદાર કે કર્મચારીઓ સંક્રમણ નો ભોગ બને તો જવાબદારી કોની રહેશે. જુનાગઢ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવતી માહિતી મુજબ ચાલવાનું હોય તો કેશોદ શહેરમાં ગલીએ ગલીએ કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરવા કર્મચારીઓ ને દોડાવવા ઉપરાંત ચૌદ દિવસ સુધી હોમ ગાર્ડ અને જીઆરડી જવાનો ને રાઉન્ડ ધ કલોક બંદોબસ્ત માં જવાબદારી સોંપવામાં આવે છે એનો શું અર્થ થાય છે. કોરોના પોઝીટીવ રીપોર્ટ આવ્યા બાદ દર્દી ને લેબ રીપોર્ટ આપવામાં અંચાઈ કરવામાં આવે છે અને હોમ કવોરન્ટાઈન કરવામાં આવેલ હોય તો ડિસ્ચાર્જ રીપોર્ટ આપવામાં પણ અંચાઈ કરવામાં આવે છે. આરોગ્ય વિભાગ દ્વારા ડીસ્ચાર્જ રીપોર્ટ આપવામાં આવે છે એમાં આઠ દિવસ હોમ કવોરન્ટાઈન અને આઠ દિવસ સ્વૈચ્છિક હોમ કવોરન્ટાઈન દર્શાવવામાં આવે છે ત્યારે ખરેખર આઠ દિવસ જ હોમ કવોરન્ટાઈન રાખવાની જોગવાઈ હોય તો ચૌદ ચૌદ દિવસ સુધી આરોગ્ય વિભાગ ની આડોડાઈ ને કારણે અન્ય કચેરીઓ તેમજ દર્દી નાં પરિવારજનો અને આડોશી પાડોશીઓ ને હેરાનપરેશાન કરવા પાછળ નો શું હેતું હશે. ચૂંટણી કમિશનર ટી આર શેષાન નાં સમયથી આચારસંહિતા ની કડક અમલવારી કરાવવાં માં આવી રહી છે ત્યારે આરોગ્ય વિભાગ તો એનાથી બે કદમ આગળ વધી માહિતી કે વિગતો જાહેર કર્યા વગર મનમાની ચલાવી રહ્યું છે. છેલ્લાં છ માસથી કોરોના મહામારી વચ્ચે સહન કરતાં પ્રજાજનો ની સહનશીલતા ની હદ પુરી થઈ ગઈ હોય એવું લાગે છે ત્યારે ક્યાંક મોટું ઘર્ષણ સર્જાય તો નવાઈ નહી હોય...

### પિતાની હત્યા કરનાર ફરાર પુત્ર ઝડપાયો

# માતાની રંજાડ કરતા દારૂડિયા પિતાની હત્યા કરી ફરાર હત્યારા પુત્રને ભિલોડા પોલીસે ઝડપ્યો



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

ભિલોડા તાલુકાના બોલુન્દ્રા ગામે પુત્રએ બોથર્ડ પદાર્થ ના ઘા મારી પિતાને મોતને ઘાટ ઉતારી દેતાં ચકચાર મચી ગઈ હતી.પિતા દ્વારા માતાને માનસિક શારિરીક ત્રાસ ગુજારાતો હતો.અને અવાર નવાર મારઝુડ કરાતા આખરે કંટાળી સગા દિકરા એ પોતાના પિતાનું ઢીમ ઢાળી દીધું હતું હત્યારો પુત્ર ફરાર થઈ ગયો હતો બોલુન્દ્રા ગામે પુત્રએ પિતાની હત્યા કરી દેવાની ચકચારી ઘટના ઘટતા ભિલોડા પીએસઆઈ કે.કે.રાજપૂત અને તેમની ટીમ ઘટનાસ્થળે મૃતકની લાશને પીએમ માટે ખસેડી હત્યારા પુત્રને ઝડપી પાડવા ચક્રોગતિમાન કરી ગણતરીના દિવસોમાં ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો . ભિલોડાના બોલુન્દ્રા ગામના ધુળાભાઈ નાથાભાઈ તરાર(ઉ.વ.૫૮) કે જેઓ અવાર નવાર દારૂ પી ને આવી તેઓની પત્ની લીલાબેનને મારઝુડ કરતા હતા. અને શારિરીક માનસિક ત્રાસ આપી પરેશાન કરતા હતા.જેથી પુત્ર દિનેશભાઈ તરારે આ અંગે પિતાને ઠપકો કર્યો હતો.પરંતુ પિતા દ્વારા માતાને અસહ્ય ત્રાસ આપવાનું ચાલુ જ રહયું હતું.ત્યારે પુત્રએ કંટાળી જઈ તેની અદાવત રાખી તેના પિતા ધુળાભાઈ તરાર ને ઘાતક હથિયાર વડે કપાળમાં ઘા ઝીકી મોતને ઘાટ ઉતાર્યા હતા પુત્રએ પિતાને બોથર્ડ પદાર્થના ઘા મારી હત્યા કરાતા આ પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.જયારે આ ઘટનાની જાણ થતાં લોકો દોડી આવ્યા હતા. ભિલોડા પોલીસે મૃતક ધુળાભાઈ ના ભાઈ ચંદુભાઈ નાથાભાઈ તરારની ફરિયાદના આધારે હત્યારા પુત્ર દિનેશ ધુળાભાઈ તરાર (રહે,બોલુન્દ્રા-ભિલોડા) વિરુદ્ધ ઈપીકો કલમ-૩૦૨ તથા જીપીએકટ-૧૩૫ મુજબ ગુન્હો નોંધી ફરાર હત્યારાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરી ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. ભિલોડા પોલીસે ભિલોડા નજીકથી હત્યારા પુત્ર દિનેશ ધુળાભાઈ તરારને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી ભિલોડા પોલીસે ગણતરીના દિવસોમાં હત્યારાને ઝડપી પાડતા પોલીસ કામગીરીની સરાહના કરી હતી

### સંત સવૈયાનાથ ધામ, ઝાંઝરકા ખાતે

# ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની માસ્ક, સેનીટાઈઝર અને ઉકાળાથી ત્રિવિધતુલા કરવામાં આવી

## સી.આર.પાટીલે સંત સવૈયાનાથ ધામ, ઝાંઝરકા દર્શન કરી પૂર્વ સાંસદ અને ગાદીપતિ સંતશ્રી શંભુનાથજી ટૂંડિયાના આશીર્વાદ મેળવ્યા

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે આજરોજ સંત સવૈયાનાથ ધામ, ઝાંઝરકા દર્શન કરી પૂર્વ સાંસદ અને ગાદીપતિ સંતશ્રી શંભુનાથજી ટૂંડિયાના આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે રાજ્ય સરકારના કેબિનેટ મંત્રીશ્રીઓ શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, શ્રી ઈશ્વરસિંહ પરમાર, પ્રદેશ મહામંત્રીશ્રી કે.સી.પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઇ ઝડફિયા, પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યા, પૂર્વ મંત્રીશ્રીઓ શ્રી રમણલાલ વોરા, શ્રી આત્મારામ પરમાર સહિત ભાજપા અનુસૂચિત જાતિ મોરચાના હોદ્દેદારશ્રીઓ અને કાર્યકર્તાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલનું સંત સવૈયાનાથ ધામ ખાતે ધામના સાધકો, સેવકો, સારંગપુર હનુમાન મંદિર તેમજ સ્વામિનારાયણ સંસ્થાના સંતો-મહંતો, વિવિધ સામાજિક સંસ્થાઓના આગેવાનશ્રીઓ, વિવિધ જ્ઞાતિ-સમાજના આગેવાનશ્રીઓએ ઉપસ્થિત રહી તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું, તેમજ પુષ્પગુચ્છ, મોમેન્ટો, તલવાર આપી, સાફો પહેરાવી, શાલ ઓઢાડી સ્વાગત-અભિવાદન કર્યું હતું.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શનથી શરૂ કરેલ સૌરાષ્ટ્રનો સંગઠનાત્મક પ્રવાસ આજે ઝાંઝરકાના પ્રસિધ્ધ ધાર્મિક સંસ્થાન સંત સવૈયાનાથ ધામના દર્શન કરીને આશીર્વાદ મેળવીને પૂર્ણ થઈ રહ્યો છે, તે બાબતની હું ધન્યતા અનુભવું છું. સમગ્ર પ્રવાસ દરમિયાન ઠેર ઠેર ભાજપાના કાર્યકર્તાઓ અને સ્થાનિકોએ ઉત્સાહ, પ્રેમ, હૂંફ અને લાગણી સાથે મારુ સ્વાગત કર્યું તે બદલ હું સદૈવ સૌનો ઋણી રહીશ.

શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, સંત સવૈયાનાથ ધામના ગાદીપતિ સંતશ્રી શંભુનાથજી ટૂંડિયા રાજ્યસભાના સાંસદની જવાબદારી નિભાવી ચુક્યા છે, હાલમાં તેઓ ભાજપા અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ અધ્યક્ષ પણ છે. મને આપેલા આશીર્વાદ બદલ હું તેમનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

સંત સવૈયાનાથ ધામ, ઝાંઝરકા ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની માસ્ક, સેનીટાઈઝર અને ઉકાળાથી વિશિષ્ટ પ્રકારની ત્રિવિધતુલા કરવામાં આવી હતી. જાહેરહિતાર્થે આ ત્રિવિધતુલાની સામગ્રી પૈકી ઉકાળાનું આશ્રમશાળાના વિદ્યાર્થીઓમાં અને માસ્ક તથા સેનીટાઈઝરનું આજુબાજુના ગ્રામ્યવિસ્તારના સરપંચશ્રીઓ મારફત નાગરિકોમાં વિતરણ કરવામાં આવશે. ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે ધંધુકા ખાતે ભાજપાના વરિષ્ઠ અને અદના કાર્યકર સ્વ.જગદીશભાઈ સોનીના ઘરની મુલાકાત લીધી હતી.

ઝાંઝરકા પહોંચ્યા પૂર્વે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલનું સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા અને લીંબડી ખાતે તેમજ સંત સવૈયાનાથ ધામની મુલાકાત બાદ અમદાવાદ જિલ્લાના બગોદરા અને બાવળા ખાતે ભાજપા આગેવાનશ્રીઓ અને કાર્યકર્તાઓ દ્વારા ઉમળકાભેર ભવ્ય સ્વાગત-અભિવાદન કરવામાં કરવામાં આવ્યું હતું.

### સિધ્ધપુર માં આજે એસ.સી. સમાજ દ્વારા

# ઉત્તરપ્રદેશમાં દલિતો પર થયેલ હુમલાને લીધે મામલતદાર કચેરીએ આવદેન પત્ર આપ્યું



આજ રોજ સિદ્ધપુર મામલતદાર કચેરી ખાતે એસ. સી. ડિપાર્ટમેન્ટ સિદ્ધપુર દ્વારા ઉત્તરપ્રદેશ માં દલિતો પર થતા અત્યાચાર અને ગત રોજ પપ્પુ રામ, સત્યમેવ જયતે નામ થી પ્રસિદ્ધ વ્યક્તિ ની હત્યા કરવામાં આવી. સમસ્ત કોંગ્રેસ સમિતિ આ દુ:ખદ ઘટના ને વખોડે છે. દોષીઓ ને સખત કાર્યવાહી કરવામાં આવે તેવી આશા સાથે આવેદન પત્ર આપવામાં આવ્યું. જેમાં ઍછઝ મંત્રી લાખાભાઇ રબારી, ઍછઝ સહમંત્રી દશરભાઇ પટેલ, ઍછઝ મહિલા મંત્રી જયાબેન શાહ, પાટણ જીલ્લા એસ. સી. ડિપાર્ટમન્ટ ચેરમેન પ્રવીણભાઈ રાઠોડ, પૂર્વ જીલ્લા પંચાયત પ્રમખ અભેસિંહ ઠાકોર, તાલુકા ચેરમેનશ્રી એસ. સી. ડિપાર્ટમેન્ટ દિપકભાઈ બારોટ, પંચાયત પ્રમુખ કાંતિજી ઠાકોર, શહેર પ્રમુખ અમરસિંહ ઠાકોર, રશીદ ભાઈ કુરેશી, નરસિંહ ભાઈ સોલંકી, રતિલાલ બારોટ જેવા કોંગ્રેસ સમિતિ ના આગેવાનો તથા કાર્યકરો હજાર રહ્યા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.